MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 13 ● અંક : 10-11 ● સળંગ અંક : 497-498 ● મુંબઈ ● શુક્રવાર ● તા.3 એપ્રિલ – 9 એપ્રિલ 2020 ● પાના : 16 ● કિંમત રૂ.4

## વિશ્વમાં કોરોના સંક્રમિતનો આંકડો ૧૦ લાખને આંબશે

### ઘાટકોપરમાં કોરોનાના ૮ કેસ, મહારાષ્ટ્ર ૪૦૦ને પાર, મુંબઈમાં ૨૦૦

વિશ્વમાં કોરોના સંક્રમિતનો આંકડો ૧૦ લાખને આંબવા જઈ રહ્યો છે ત્યારે ઘાટકોપરમાં કોરોનાના ૮ કેસ હજી સુધી નોંધાયા છે. આ અઠવાડિયું મુંબઈ માટે ખૂબ મહત્વનું છે. મુંબઈ તથા મહારાષ્ટ્રમાં તમામ જન અધિકારીઓએ પોતાની પૂર્ણપણે કમર કસી છે. ઘાટકોપરના આગેવાન કોર્પોરેટરો, એમએલએ એ સેનેટાઈઝેશન કરવા તથા ઘાટકોપરને કોરોનામુક્ત રાખવા સંપૂર્ણ અઠવાડીયા દરમ્યાન દોડધામ કરતા જોવા મળ્યા હતા.








## સંસદસભ્યમનોજકોટકએઘાટકોપરનીસ્થિતિ સંબંધી ડીસીપી-ડીએમસી સાથે ચર્ચા કરી



સંસદસભ્ય મનોજ કોટકએ તેમના સેવાલય પર ડીસીપી અખિલેશકુમાર સિંહ તેમજ ડીએમસી બલમવાર સાથે મિટીંગ લઈને આ બેઠકમાં આવશ્યક ચીજવસ્તુઓની કઈ રીતે આપૂર્તિ કરવામાં આવે તેમજ ભીડને નિયંત્રણમાં લેવામાં પોલીસ કઈ રીતે મુકાબલો કરશે એ સંબંધી ચર્ચા વિચારણા કરી રહેલા તસવીરમાં જણાય છે.

## પરમજીત સિંહ દહિયા ઝોન ૭ ના નવા ડીસીપી



મહારાષ્ટ્ર સરકાર ગૃહ વિભાગ દ્વારા ૧ એપ્રિલ ૨૦૨૦ ના વિવિધ પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. જેમાં હાલનાં ઝોન ૭ ના ડીસીપી અખિલેશ કુમાર સિંહ ની પોલીસ અધિક્ષક અહમદનગર ખાતે બદલી કરાઈ છે. તેમને સ્થાને પરમજિત સિંહ દહીયા ને ઝોન ૭ ના ડીસીપી પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## સંસદસભ્ય મનોજ કોટક દ્વારા કોવિડ-૧૯ માટે એક કરોડનું યોગદાન



ઈશાન મુંબઈના સાંસદ મનોજ કોટકએ તેમના સાંસ નિધિમાંથી કોરોના સામેની લડાઈમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફંડમાં એક કરોડના યોગદાનની જાહેરાત કરી છે તેમજ તેમના તરફથી એક મહિનાનો પગાર પીએમ રાહત ફંડમાં આપવાની જાહેરાત કરી છે.

WEDDING CARDS

CUSTOMISED
E - Wedding Card
કંકોત્રી

卐 માંગલિક વિગતો 卐

VENUE :
GEEKAY
90 Feet Road, Opp. Kailash Tower, Ghatkopar (E), Mumbai-75.
2506 2626 • 98337 73744
Jayant Vora: 75066 25702
E-mail: info@geekaycorp.com

kankotary.com
designer indian wedding cards

DAY & TIMING :
Monday to Saturday
Morning 10.00 am to 6.30 pm
With prior appointment

❖ Specialist ❖
E - Wedding Invitation

કુમકુમ પત્રિકા • વેવીશાળ પ્રસંગ
ગરબા પાર્ટી • સંગીત સંધ્યા
મહેંદી રસમ • લગ્ન જ્યંતી
ઈન્વીટેશન માટે બેબી શાવર
અન્ય શુભ પ્રસંગો

॥ શ્રી ગણેશાય નમ: ॥ ॥ શ્રી મહાવીરાય નમ: ॥
॥ કુળદેવી માતાની કૃપા હોજો ॥

શ્રીમાન/શ્રીમતી

ઘર આંગણે લગ્નનો રૂડો અવસર હોય મનમાં અનેરો ઉમંગ હોય, પ્રસંગને ધામધૂમથી ઉજવવાના ઓરતા હોય એટલે ઘણાં બધા કામો પાર પાડવાના હોય.

આ બધા કામોમાં કુમકુમ પત્રિકાની પસંદગી તથા તેને સુઘડ રીતે છપાવી સમયસર તૈયાર કરાવવી તે પણ તેટલું જ અગત્યનું કામ હોય છે. આ માટે બે થી ચાર વખત તળ મુંબઈના ધક્કા, સમયસર કામ થાય તે માટે ફોનથી યાદી આપવી વગેરેમાં આપના કિમતી સમયનો વ્યય થાય છે.

પરંતુ હવે આવું નથી

GEEKAY રજૂ કરે છે.

ઘાટકોપરના આંગણે સુવિધાજનક
સ્થળે કુમકુમ પત્રિકાની વિશાળ શ્રેણી

આવો, અમારા આધુનિક Invitation boutique ના આરામદાયક વાતાવરણમાં વિનયી અને સેવા-તત્પર સ્ટાફ કુમકુમ પત્રિકા પસંદ કરવામાં આપને સહાય કરશે. આપ ઈચ્છો તો અમારું ડીઝાઈન સેન્ટર આપની મનપસંદ આગવી ડીઝાઈનમાં કુમકુમ પત્રિકા બનાવી આપશે.

બદલાતા સમય સાથે જ્યારે કુમકુમ પત્રિકા પણ તમારા વ્યક્તિત્વન અભિવ્યક્તિ કરે તેવી હોવી જોઈએ તો કુમકુમ પત્રિકા બનાવવાન વ્યવસ્થા પણ તેની સમકક્ષ શા માટે ન હોય !

આજે જ અમારા
Invitation boutique માં પધારીને ખાત્રી કરી લેશો.

ભવદિય
ધીરેન કોઠારી

Marriages are made in HEAVEN
& invitation cards are printed at GEEKAY

પંચગની હવા ફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
3, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4

# ઘાટકોપર જલારામ મિત્ર મંડળ કચ્છના જાનૈયાઓની વહારે આવ્યું

ગોવંડીની છોકરી સાથે લગ્ન કરવા આવેલા કચ્છના આદિપુરના છોકરા અને બીજા ૧૪ જાનૈયાઓ લોકડાઉનને લીધે ઘાટકોપરમાં અટવાઈ ગયા હતા. તેમની પાસે રહેવાની, ખાવાની કોઈ વ્યવસ્થા નહોતી તેમ જ તેમની પાસે પૈસા પણ નહોતા. આવા સમયે ઘાટકોપરવાસી તેમની મદદે આવ્યા છે. તેમને ઘાટકોપર વેસ્ટના ઘાટકોપર ગેસ્ટહાઉસમાં રહેવાની સગવડ કરાઈ છે. તેમના જમવાની વ્યવસ્થા અહીંના જલારામ મંડળે ઉપાડી લીધી છે. મંડળના વિનેશ શાહ, યોગેશ શાહ, નિધિશ દોશી, નિલેશ વ્યાસ અને કિર્તી શાહે તેમને સવાર-સાંજ ટિફીન પહોંચાડવાની તેમ જ સરકારની મંજૂરી મળે ત્યારે તેમને ખાનગી વાહન કરીને કચ્છના તેમના માદરે વતન મોકલવાની જવાબદારી ઉપાડી છે.

ઘાટકોપર ગેસ્ટ હાઉસના કચ્છી ટ્રસ્ટીએ પણ ઉદારતા દાખવીને તેમની પાસે રહેવાનું ભાડુ ન લેવાનો નિર્ણય લીધો છે.

આ પરિવારજનો ૨૦ માર્ચે મુંબઈ આવ્યા હતા અને ઘાટકોપર ગેસ્ટ હાઉસમાં ઉતર્યા હતા. જીગર સોલંકીના મેરેજ ગોવંડીમાં રહેતી વર્ષા મંગેશ કદમ સાથે સાદાઈથી કરાયા હતા. ૨૨ માર્ચની રીટર્ન ટિકીટ તથા ૨૩ની કાઢેલી તત્કાળ ટિકીટ પણ કેન્સલ થઈ. આથી આ પરિવાર ઘાટકોપરમાં અટવાઈ ગયો. શરૂઆતમાં ટિફીન વ્યવસાય ચલાવતાં સુનિલ સોનીએ મદદ કરી. જાનૈયાઓએ પાંચ દિવસનું ભાંડુ ચૂકવ્યું હતું અને ત્યારબાદનું ભાડુ માફ કરાયું છે. સુનીલભાઈએ કિર્તીભાઈને ફોન કરતાં જલારામ મંડળે હવે જાનૈયાની તમામ જવાબદારી ઉપાડી લીધી છે. જાનૈયામાં પુરૂષ, સાત મહિલા અને ચાર વર્ષની બાળકી ઉપરાંત નવવધુ વર્ષા પણ છે.



નાગેશ્વર દેરાસર ખાતે શૈલેશભાઈ તથા અન્યો દ્વારા અનાજ વિતરણ



નગરસેવિકા બિંદુ ત્રિવેદીના સૌજન્યથી લા.ક્લબ વિદ્યાવિહાર દ્વારા ફુડ પેકેટનું વિતરણ



વર્ધમાન સંસ્કારધામ દ્વારા ગાયોને સંઘાણી એસ્ટેટ ખાતે ઘાસચારો નખાયો

# ભજન સમાજ ઘાટકોપર દ્વારા સિનીયર સિટીઝન, જરૂરિયાતમંદ અને પોલીસો માટે અનોખી ટિફીન સેવા





કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત થતા જ ઘાટકોપરના રહેવાસી નિખીલ શાહને સિનીયર સિટીઝન અને જરૂરિયાતમંદોને પડનારી સંભવિત તકલીફને ભજન સમાજ ઘાટકોપરના રાઘવન અને શૈલેશ રાજાને જણાવતા તેમણે ફક્ત કલાકોમાં ભજન સમાજના ટ્રસ્ટીઓની સહાયથી ઐયર કિચની સહાયથી નીટ એન્ડ ક્લિન, હાઈજન સાથે જૈન ભોજન ટિફીન સર્વિસની શરૂઆત કરી. જરૂરિયાતમમંદો સેવા કરતા લોકો અને સિનીયર સિટીઝન દરેકને માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી. ઘાટકોપર પંતનગર પોલીસ સ્ટેશનના રેણુકા મેડમની સહાયથી તેમના સ્ટાફને પણ લોકડાઉન દરમ્યાન ટિફીન પહોંચાડાય છે. નિખીલભાઈ કહે છે કે મારા માતાપિતા મૃદુલાબેન પિનાકીનભાઈ શાહના આશિર્વાદથી અને સંસ્કાર જ છે જેને લીધે આ પ્રોજેક્ટ પર કામ કરવાના આવા કપરા સમયમાં પ્રેરણા મળી. વધુ વિગત માટે સંપર્ક : ૯૨૭૨૫૦૬૫૦૫, ૯૮૨૦૬૧૨૮૧૮






# લીમાણી ભુવનના રહેવાસીઓ અને સ્વયં સિદ્ધ નારી પ્રતિષ્ઠાનની ટીમે ગરીબોને અન્નદાન કર્યું








કોરોના વાયરસને લીધે લોકડાઉન દરમ્યાન રોનક શાહ અને સ્વયં સિદ્ધ નારી પ્રતિષ્ઠાનના ડીમ્પલબેન પંડ્યા દ્વારા રસ્તા પર રહેતા ગરીબોને થેપલા, પારલે જીના પેકેટ વગેરે અન્નદાન કરવામાં આવ્યું હતું.

# મા.કેબિનેટ મિનિસ્ટર પ્રકાશભાઈ મહેતા ને PM CARES FUND હેઠળ મુંબઈ સ્તરે ફંડ એકઠું કરવાની જવાબદારી સોંપાઈ



માજી કેબિનેટ મિનિસ્ટર ઘાટકોપરના લોકલાડીલા નેતા પ્રકાશભાઈ મહેતા ને PM CARES FUND હેઠળ સમગ્ર મુંબઈના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સહિત આગેવાનો પાસે ભંડોળ ભેગું કરવાની જવાબદારી તાજેતર માં ભાજપ મુંબઈના પક્ષ પ્રમુખ મંગલ પ્રભાત લોઢા દ્વારા સોંપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ ફંડ કોરોના વિરૂદ્ધ ની લડાઈ માં વાપરવામાં આવશે. હાલમાં ભારતની અનેક મુખ્ય કંપનીઓ તથા કોર્પોરેટ જગતની હસ્તીઓ દ્વારા માતબર રકમ નું દાન મળી રહ્યું છે.

મા.વિધાનસભ્ય પ્રકાશભાઈ એ તાજેતરમાં એક વિડિયો ના માધ્યમે બધાને કોરોના વિરૂદ્ધ લડાઈ માટે ઘરે જ રહેવાની અને સ્વાસ્થ્ય અંગે જાગૃત રહેવાની સલાહ આપી હતી.

# ઘાટકોપરનાયુવાનેપોતાનાજન્મદિનેકોવિડ-૧૯થી લડવા મુખ્યમંત્રી રાહતકોષમાં કર્યું દાન



ઘાટકોપર વેસ્ટમાં ભટ્ટવાડીમાં રહેતા પ્રિન્સ મનોહરલાલ જૈનએ તેના જન્મદિન નિમિત્તે મુખ્યમંત્રી રાહતકોષમાં કોવિડ-૧૯ વિરુદ્ધ સહાયતા માટે રકમનું દાન કર્યું હતું.

સોમૈયા કોલેજમાં થર્ડ યર ડિગ્રીના વિદ્યાર્થી પ્રિન્સ સાથે વાત કરતા તેણે જણાવ્યું કે આજે કોવિડ-૧૯ને લીધે દુનિયા ત્રસ્ત છે. ત્યારે મેં મારા જન્મદિને સેવિંગ્સમાં જમા કરેલ પૈસા દાન કર્યા છે. માતાપિતાની પ્રેરણા અને ગુપ્તદાનમાં હુ વિશ્વાસ કરતો હોવાથી મેં રકમ જાહેર કરી નથી પણ અન્યોને હું પ્રેરિત કરવા ઈચ્છું છું. ઉલ્લેખનીય છે કે પ્રિન્સ અનેએસયુઆઈ ઈશાન્ય મુંબઈ પ્રમુખ છે અને વિદ્યાર્થી સંગઠન સાથે જોડાયેલો હોઈ વિવિધ સેવા કાર્યોમાં સતત પ્રવૃત્ત રહે છે.

### લોક ડાઉન દરમ્યાન શાળાઓને ફી ન વસૂલ કરવાની સરકારની જાહેરાત છતાં

# યુનિવર્સલ સ્કુલ દ્વારા ડ્યૂ ડેટ પહેલા ફી ભરવાના ઈમેલ મોકલવામાં આવતા વાલીઓમાં નારાજગી:

## ઈમેલ ઓટો જનરેટ હોવાનું સ્કુલનો ખુલાસો

જતીન કોઠારી દ્વારા

કોરોના વાયરસના સંક્રમણને રોકવા મહારાષ્ટ્ર સરકારે તમામ શાળાઓ કોલેજો બંધ કરવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ ૨૧ દિવસ લોક ડાઉન જાહેર થતાં તમામ કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. મુંબઈ મહારાષ્ટ્રની શાળાઓમાં ફી ભરવાની અંતિમ તારીખ ૩૧મી માર્ચ હોવાથી સ્કુલસ દ્વારા ફી વસૂલી શરૂ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સરકારે શાળાઓને લોકડાઉન દરમ્યાન ફી ના વસૂલવાની જાહેરાત કરી હોવા છતાં ઘાટકોપરની યુનિવર્સલ શાળાએ ૩૧મી માર્ચ પહેલા વિદ્યાર્થી ઓના વાલીઓને ફી ભરવાનો ઈમેલ મોકલતા વિવાદ શરૂ થયો હતો.

ઘાટકોપર યુનિવર્સલ સ્કુલમાં ભણતા વિદ્યાર્થી ઓના વાલીઓએ વોઇસ ઓફ ઘાટકોપરને ફોન દ્વારા જણાવ્યું હતું કે લોક ડાઉન દરમ્યાન ફી માટે રૂપિયા ભેગા કરવા માટે ખૂબ તકલીફ થઈ રહી છે ત્યારે યુનિવર્સલ સ્કુલ દ્વારા ફી ભરવા જણાવ્યું છે અને જો ફી ના ભરાય તો ડ્યુ ડેટ બાદ ફી ભરનાર ને



City | MumbaiMirror

**Schools told not to demand fees during lockdown period**

**Govt asks them to be mindful of the hardships parents and students are facing**

Rahi.Gaikwad @timesgroup.com
TWEETS @MumbaiMIRROR

The Maharashtra government has asked all schools in the state to show consideration towards the hardship of parents and not make fee payment for the current academic year (2019-20) or the next academic year (2020-2021) mandatory during the lockdown period.

The decision was taken after some private schools in the city sent out messages to parents asking them to deposit fees. Parent groups and public representatives appealed to school education minister Varsha Gaikwad for relaxation in the fee-payment deadline. "Taking into consideration the restriction on movement and financial crunch faced by citizens, schools of all affiliations are requested to be sensitive on their demand for fees from parents and students for the current and next academic year. No school should demand mandatory payment during the lockdown period," the government resolution states.

Following many complaints, Thane district officials issued a circular warning that schools would be derecognised if they made demands for fees.

Schools have wholeheartedly supported the decision to relax payment deadlines

online payment system and parents are making payments voluntarily.

ter the lockdown or still offer them the option of instalments. Secondly, since schools



Important informat Inbox

Universal Beginnings Ghatkopar... Mar 17
to bcc: ubg1920_sr-d

Dear Parents,

The school is closed as a pro-active measure to help contain the threat of Covid-19 and we urge all parents to ensure that children are not part of any large group games, activities or gatherings during this time. Please follow all the safety measures in the interest of our children.

For Grades 9 and 10 IGCSE study notes are being uploaded on the school intra-site and a home study plan is being shared.IBDP 2 students will have online sessions. A separate email and message with all details will be sent. Please encourage your children to adhere to it.

We would like to remind those who have not completed the Rollover/Re-enrolment form submission and fee payment to complete the same by 31st March 2020. Late fees will be applicable for fees received after this date.

In view of the current situati[illegible], we have extended the last date to apply for a Leaving certificat[illegible] 14th March 2020 to 31st March 2020. First instalment fee [illegible] academic year will be applicable for LC applicatio[illegible]ed after 31st March 2020.

The school office is open and parents are requested to co-operate with the staff for the stringent safety measures adopted when visiting the school office. Non-contact infrared thermometers are placed at our security gates and temperature checks are mandatory for all members entering the premises.

We request you to not visit the office if suffering from cold, cough,

ડાબે : જાણીતા અંગ્રેજી અખબાર મુંબઈ મીરરમાં પ્રકાશિત સમાચાર, જમણે : સ્કુલ દ્વારા પેરેન્ટસને મોકલવામાં આવેલ ઈમેલ

વધુ રકમ ચૂકવવા ઈમેલ માં જણાવવામાં આવ્યું છે.

આ અંગે વોઇસ ઓફ ઘાટકોપર દ્વારા સ્કુલના વિભાગ પાસે ખુલાસો માંગવામાં આવ્યો હતો જેના જવાબ માં તેમણે જવાબમાં કહ્યું હતું કે ફી ભરવાનો ઓટો જનરેટ ઈમેલ ગયો છે તે જાણ થતાં અમે તે અટકાવ્યો હતો, અમે વાલીઓ ને લોક ડાઉન માં કોઈ ફી ભરવા પણ પ્રકારની ફરજ પાડી નથી.

જોકે વાલીઓએ જણાવ્યું હતું કે અમારા એક પણ ઈમેલ નો સ્કુલ એ જવાબ આપ્યો નથી. જો લોક ડાઉન દરમ્યાન તેઓ ફી વસૂલવા માંગતા ના હતા તો તેઓએ ફરી ઈમેલ કરીને અથવા એસ એમ એસ દ્વારા જણાવવું જોઈતું હતું. તેઓ એ વધુ માં જણાવ્યું કે બુક તથા અન્ય કામ માટે શાળા તરફથી નિયમિત ફોન અથવા એસ એમ એસ પાઠવવામાં આવે છે જે ફી ના મામલે જોવા નથી મળ્યું.

ભાજપ ના મુંબઈ અધ્યક્ષ અને વિધાનસભ્ય મંગલ પ્રભાત લોઢા એ પણ શિક્ષણ વિભાગની આ મુદ્દે ધ્યાન દોર્યું હતું.

ઘાટકોપર ના અમુક લોકો એ ટ્વીટર પર રોષ ઠાલવતા લખ્યું હતું કે સરકાર અને શાળાઓની આ મિલી ભગત છે જ્યારે અનેક વાલીઓએ આ કપરા સમય માં સ્કુલ ફી ચૂકવી દીધી છે ત્યાર બાદ સરકાર ના ફી હાલનાં તબક્કે ના વસૂલવાની જાહેરાત મોડી કહી શકાય.

જે હોય તે પણ શાળાઓ દ્વારા માનવીય ધોરણે સ્કુલ ફી વસૂલવા અંગે નવેસર થી ખુલાસો કરવો જોઈએ અને લોક ડાઉન દરમ્યાન વાલીઓને કોઈ તકલીફ ના પડે તેની તકેદારી લેવી જોઈએ. વાલીઓ સાથે શાળાનો સંપર્ક વધુ સહેલો થાય તે માટે પ્રયત્નો થવા જોઈએ. સરકાર દ્વારા સમયસરની જાહેરાત અનેક વાલીઓની ત્વરિત ધોરણે ફી ભરવાની મથામણ અને વિવાદ માં સહાયક બની શકી હોત.

Physical Share Certificate
- Name Change Process
- Lost of Share Certificate
- Bonus Certificate Not Rec'd
- Dividend Not Received
- IEPF Claim

Shop No.5, Shiv Shakti Heights, Janta Society Marg, Near Popular Hotel, Ghatkopar(E).
Charvi Shah : 9833385332
Neha Shah : 9820473318

ALIBAUG
WEEKEND HOME
2 BHK APARTMENT
Available Right on the Beach Side
For Outings with Families & Friends
FOR BOOKINGS & ENQUIRIES
Call : 98675 84877

જલસા ઈવેન્ટ્સ
લગ્નગીત, સંગીત સંધ્યા, રાસ ગરબા, ઓર્કેસ્ટ્રા, બર્થડે સેલિબ્રેશન, કીટી પાર્ટી, ડીજે, મ્યુઝિકલ તંબોલા, ગેમ્સ શો, માતાજીની પહેડી.
દરેક અવસરને અનેરો બનાવવા
મનોરંજન કાર્યક્રમો માત્ર ૧૧૦૦૦થી શરૂ
સંપર્ક: હિરેનભાઈ
9322600800

Haresh B. Parmar જે ભગવાન M: 098206 17168
Haresh Creation
Ladies Dressmakers
Believe in Creativity
हरेश क्रिएशन लेडीज़ ड्रेसमेकर्स
Shop No. 3, Krishna Leela , Khokhani Lane, Ghatkopar (East), Mumbai - 400077
M: 87792 99022 (Sunday Closed)

# વિધાનસભ્ય પરાગ શાહ દ્વારા બૃહદ સ્તરીય રાહત કાર્ય





વિધાનસભ્ય પરાગ શાહ દ્વારા સંપૂર્ણ ઘાટકોપરમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકોને અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમગ્ર ઘાટકોપર ઈસ્ટ વિધાનસભાની મુખ્ય સોસાયટીઓ તથા મુખ્ય માર્ગો પર ડીસઈન્ફેક્શન સ્પ્રે તથા સેનેટાઈઝેશન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોરોના મહામારીથી બચવા માટે જરૂરી એવા માસ્કનું સ્લમ અને ચાલ વિસ્તારોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

વિતરકો અને એજન્ટોની
દેશભક્તિ તથા સમાજભક્તિને સલામ




કોરોના વાઈરસની
વૈશ્વિક મહામારીમાં
જ્યારે આપણે સૌ
ઘરમાં સુરક્ષિત છીએ ત્યારે
મુંબઈના ખૂણેખૂણે
વિવિધ સમાચાર પત્રો
વાચકોના ઘરે પહોંચાડવાનું
ભગીરથ કાર્ય વિતરકો
વિના અશક્ય છે.
સતત અપડેટેડ ન્યૂઝ માટે વાંચતા રહો
વોઈસ ઓફ ઘાટકોપર

## જન્મદિવસ તથા એનીવર્સરી શુભેચ્છા


Foram Joshi
08 April


Minita Karia
29 th March


Mit Khetiya
1st April


Vaibhavi Joshi
25th March


Shantilal Shah
7 Apr


Nimesh & Parita Shah
31st March M Anni.

# દરરોજ જોલી જીમખાનાની વિવિધ પ્રવૃતિઓમાં વ્યસ્ત સભ્યો લોકડાઉનમાં કહે છે "I Miss My Jolly Days"

જોલી જીમખાના ઘાટકોપરના અનેક લોકો માટે ફિટનેસ, ગેમ્સ અને પ્રવૃતિઓ સાથે સાથે પોતાના મિત્રો સાથે આનંદ નું કેન્દ્ર પણ છે. હાલ માં વિશ્વવ્યાપી કોરોનાનું સંક્રમણ રોકવા માટે લોકડાઉન છે ત્યારે જીમખાના પણ બંધ હોવાથી મેમ્બરો જે રેગ્યુલર હોય તે સ્વાભાવિક રીતે જીમખાનાને મિસ કરે જ... આવા અમુક સભ્યોની ફોન દ્વારા મુલાકાત વોઇસ ઓફ ઘાટકોપર દ્વારા લેવામાં આવી હતી અને તે જોલી જીમખાના હાલમાં બંધ હોવાથી શું શું મિસ કરી રહ્યા છે અને લોકડાઉનમાં શું કરી રહ્યા છો તે પૂછવામાં આવ્યું હતું.



**નિશીથ શાહ :** નિશીથભાઈ હાલ માં જીમખાનામાં ક્રિકેટ કમિટી ઇન્ચાર્જ છે. તેઓ ૪૫ થી પણ વધુ વર્ષોથી જીમખાના ના સભ્ય છે. એટલે તેમના માટે જીમખાના એક પરિવાર સમાન છે. તેઓ દર રોજ અહી ક્રિકેપ્રેમીઓને મળે છે તેઓ ને અહી આવતા યુવાનોને પ્રોત્સાહિત કરવું ખુબ ગમે છે. હાલ માં લોકડાઉનના સમય માટે તેઓ કહે છે દરેકની સ્વાસ્થ્યતની સંભાળ લેવા લોકડાઉન માં જીમખાના બંધ છે, પણ ઘરમાં ગમતું નથી. હું મારા યુવા મિત્રો, જોલી ના રેગ્યુલર આવતા પરિવાર જેવા બની ગયેલ મિત્રોને યાદ કરતો રહું છું.




**સમીર આશર :** જોલી જીમખાનામાં દરરોજ સવારે જો સૌથી પ્રથમ કોઈ એન્ટ્રી લેતું હશે તો તેમાંના એક છે સમીર આશર. ગત ૪૦ વર્ષથી તેઓ જીમખાના ના સભ્ય છે. તેઓ અહીં વોક, સ્વિમિંગ, યોગ અને ટેનિસ રમવા આવે છે. તેઓ કહે છે જીમખાના મારા માટે Second Home છે. મારા ફેમીલી ના તમામ સભ્યો અહી મેમ્બર છે. હું જેટલો સમય ઘરમાં વિતાવું છું તેટલો જ કદાચ જોલી માં વિતાવતો હોઈશ. ઘાટકોપરમાં જોલી સૌથી બેસ્ટ પ્લેસ છે. હું અહીં પાસ્ટ કમિટી મેમ્બર પણ રહી ચૂક્યો છું.



**ભરત રાંભિયા :** ભરત ભાઈ ૧૯૮૦ થી જોલી મેમ્બર છે. ઘરે રેહવાની આટલી ટેવ ના હોય તો ઘરે રેહવું ના ગમે તે સ્વાભાવિક છે. જોલી જીમખાના રોજ ની આદત સમાન છે. વોક કરવાની મજા ખુબ આવે. પણ ઘરે બહાર ના નીકળવાનું હોવાથી ચાલવાનું સાવ બંધ થઇ ગયું છે. અને જરા પણ ગમતું નથી. તેઓ જીમખાનમાં વોક કરવા ઉપરાંત સ્વિમિંગ અને ઝાકોસી પણ કરે.



**દામજીભાઈ વેલાણી :** દામજીભાઈ અને તેમના પત્ની કસ્તુરબેન દરરોજ જીમખાનામાં યોગ કરવા જાય. દામજીભાઈ ૭૩ વર્ષનાં છે અને વર્ષ ૧૯૯૧ થી જીમખાનામાં મેમ્બર છે. તેઓ કહે છે લોકડાઉનમાં જીમખાના બંધ રાખવાના નિર્ણય યોગ્ય છે. મોદી સાહેબએ લક્ષ્મણ રેખા ઓળંગવાની ના પાડી ત્યારથી ઘરે થી નીકળો નથી પણ જોલી જેવી મજા ઘરે ક્યાંથી આવે? સમય પસાર થતો નથી, મારા મિત્રો ને જલ્દી થી જલ્દી મળવાની ઈચ્છા થાય છે. હું અને મારી પત્ની દર રોજ જોલીમાં ૨ કિમી વોક કરીએ, કસરત કરીએ, યોગ કરવા અમારૂ આખું ગ્રુપ તૈયાર હોય. મારી પત્નીએ લોક ડાઉન માં ઘરે રહીને પોતાના શોખ ડીઝાયનીગ, કટિંગ, સ્ટીચિંગ માં વધુ સમય આપે છે.



**ભરત ઠક્કર :** લોન ટેનિસ પાર્ટનરને તેઓ ખૂબ જ યાદ કરતા કહે છે અમે જોલી માં ટેનિસ રમતા ઘણો સમય નીકળી જાય તો પણ ખબર ના પડે. હમણાં તો સમય જ પસાર થતો નથી. ૨૫ વર્ષ થી મેમ્બર છું પણ ક્યારે જોલી ને મિસ નહિ કર્યું હોય તેટલું મિસ કરીએ છીએ, મિત્રો સાથે મળવાનું જોલી ની અલગ મજા છે જે લોકડાઉન બાદ ફરી શરૂ થશે. તે યાદ કરીને દિવસ પસાર કરીએ છે.

ચંદ્રેશ પારેખની કલમે.... ✍



## અભાગી માણસ એજ મારો ઈશ્વર

આજથી ૩ મહિના પહેલા ચીનના વુહાન પ્રાંતમાં એક મહામારીએ વિકરાળરૂપ ધારણ કર્યું હતું. તેનું નામ કોરોના વાયરસ જેને કોવીડ-૧૯ તરીકે ઓળખવામાં આવ્યો. ચીનમાં બે મહિનામાં ૮૮૦૦૦ હજીર માણસ આ વાયરસની ઝપેટમાં આવ્યા અઅને ૪૦૦૦ માણસો મરણને આધીન થયા. ત્યારબાદ વિશ્વના ૨૦૦ શહેરમાં ૧૦ લાખ માણસો તેના શિકાર બન્યા અને ૮૦ હજારથી વધારે માણસોનો ભોગ લેવામાં આવ્યો. ભારત પણ છેલ્લા ૧ મહીનાથી તેની સામે ઝઝુમી રહ્યો છે. સરકારે અગમચેતી વાપરી અને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકડાઉન જાહેર કર્યો અને લોકોને દરેક પ્રખારની સાવચેતી વાપરવાનો નિર્દેશ કર્યો અને સરકારની આ નીતીથી ભારતને અત્યાર સુધી ઓછું નુકસાન આ વાયરસે પહોંચાડ્યું છે.

એક બાજુ લોકડાઉનથી લોકો આ મહામારીથી બચી રહ્યા છે તો બીજી બાજુ અનેક સમસ્યા ઉત્પન્ન થઈ છે. જે સરકારના દ્વારા ઉકેલી શકાય તેમ નથી તેથી ઘણા ઉદ્યોગપતિઓ, સેલેબ્રીટીઓ કરોડો રૂપિયાનું દાન આપેલ છે. તેની સામે ડોક્ટરો, નર્સો, પેરામેડીકલ સ્ટાફ દિવસરાત મહનત કરી લોકોની સેવા કરી રહ્યા છે.

આજે દરેક માણસનું કર્તવ્ય બને છે લોકોની બનતી સેવા તન મન ધનથી કરવી. સૌથી વધારે હાલાતનો શિકાર ગરીબો બની રહ્યા છે. એક બાજુ તેઓની આમદની બંધ થયેલ છે. તો બીજી બાજુ બહાર નીકળવાની મનાઈ છે અને તેઓને બે ટંક જમવાનું પણ મુશ્કેલ બની રહે છે. આવી પરિસ્થિતી અમારા ટ્રસ્ટ અને એનજીઓ દ્વારા લોકોને અનાજ, દવા, શાકભાજી, રોજીંદી વપરાશ વસ્તુઓ આપી રહ્યા છે. અમારા એનજીઓ દ્વારા નર્મદા ફાઉન્ડેશન, વૃદ્ધાશ્રમ, ચાઈલ્ડ કેર સેન્ટર તથા રસ્તા ઉપર વસવાટ કરતા લોકોને સમોસા, બિસ્કીટ, કેળા ખીચડી વગેરે આપી રહ્યા છે. આદીવાસી એરીયા ધરમપુર તથા પાલઘર એરીયામાં ૫૦૦૦ માસ્ક પહોંચાડવામાં આવી રહ્યા છે. તે ઉપરાત મુંગા પ્રાણી ગાયો, કુતરા વગેરેને બિસ્કીટ તથા કેળાઓ રોજ પુરા પાડવામાં આવે છે. તે ઉપરાંત સ્લમ એરીયામાં શાકભાજીની થેલીઓ, અનાજ વગેરેનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત મંદીરોની આવક બંધ થવાથી તેની રોજીંદી જરૂરીયાત માટે ૫૦ હજારથી ૧ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. ફેસબુક, મેસેન્જર, વોટ્સ એપ જેઓ મદદ માટે વિનંતી કરે છે તે ઓનલાઈની મદદ કરીએ છીએ.

કડવી પણ સત્ય હકીકત એ છે અત્યારે કરોડપતિ અને રોડપર વસતો માણસ બંને સરખી જીંદગી જીવી રહ્યા છે. ઈટલી જેવા શહેરમાં માણસો પૈસા અને સોનાને રસ્તા ઉપર ફેંકી રહ્યા છે. તેઓનું માનવું છે જે જીંદગી જ નથી તો આ બધાની વેલ્યુ ઝીરો છે. ગરીબોના આંસુ અને દુઃખ ઓછા થાય તે આજની સૌથી મોટી જરૂરીયાત છે. અંતે વાચકોને વિનંતી કે જો તમારી પાસે થોડી પણ સગવડ હોય તો ગરીબો તથા જરૂરીયાતમંદોને તમારી સંપતિ દ્વારા જરૂર મદદ કરજો. માનવતા આજે આપણને સૌ સાદ કરીને પુકારે છે. માટે આગળ આવો અને આ માનવતાના મહાયજ્ઞોમાં જોડાઈ જાઓ.



૧૦૦૦ માસ્ક ચંદ્રેશભાઈ પારેખ દ્વારા ધરમપુર ખાતે આદિવાસી વિસ્તારમાં વિતરણ કરવા માટે રાજેશભાઈ ઠક્કરને આપવામાં આવ્યા હતા.







# લોકડાઉનમાં શું કરો છો ઘાટકોપરવાસીઓએ મોકલ્યા પ્રતિભાવ

## સ્થિર



ઘરમાં રહેવાનો તેહવાર લાગે છે
સદંતર ચાલતી જિંદગી એકંદરે કુલ થઇ ગઈ
ભાર એવો ઉતર્યો આ લોક ડાઉન એ
ભાગતી ઝીંદગી હળવી ફૂલ થઇ ગઈ
પારખું પાપને મારા એકાંતે સ્વયંમાં
નજર સામે ઘર ખુદાનું બંદગી કુબુલ થઇ ગઈ
સલામત આગની પાસે ક્યારે પારો નથી રેહતો
આપને શોધવા જનારાની દુનિયા ડૂલ થઇ ગઈ
કોઈનું દિલ છે અને ઉર્મીઓ ની લાશો છે
મન નો તંબુરા વાગે, કાળભંગ રાત થઇ ગઈ
બધું કપરું છે આ દુનિયામાં , એ રીતે મન મોકળુ કરી લો
એ ''સાગર''
વર્ષો જૂની લાગણી, થાપણ માં સ્થિર થઇ ગઈ.

– બીજલ જગડ
મુંબઈ, ઘાટકોપર

★ગુજરાતી સાહિત્યમાં રસ હોવાથી, મે ઉપરોક્ત મારી સ્વરચિત કવિતા વિશ્વ વ્યાપી લોકડાઉન સમયમાં લખી★

## ઘાટકોપર વેસ્ટમાં રહેતા વંદના વાદવાને શરૂ કરી પોતાની યુ ટ્યુબ કુકીંગ ચેનલ



Home is where the world is, always a proverb but lockdown proved it. Malls, movies, etc are material things, real world exist at home when we are together sipping tea and it starts to feel like happiness in our own comfort zone. The moment you are generating positive thoughts you generate positive energy and vibes of happiness around. Initially people were finding it difficult but various social media floating positive messages triggered my inner conscience to do something for the next 21 days to make it meaningful .21 days are enough to build a habit.

Modiji's speech got me thinking, how I am going to manage groceries, household work? being nursery teacher I had routine which was disrupted, but looking at larger perspective our Nation was in danger because of the virus.

The calmness which was brought by the lockdown made me think lets do something which I was aching to do for so many years but never got the time, I finally started doing what I Love "Cooking" & Shooting what I was cooking. With help of my children edited video and posted in my new YouTube channel "Kuku ki Rasoi". While on call with family there was one more topic to be added marketing for my channel and bring positivity among family I planned routine daily 5-6pm practicing yoga and meditation. The rest of the day is enjoyed playing cards, video calling family and reading positive books. Hope our Positivity fears the virus and soon we go back to our normal routine.

Vandana Wadhawan



ડીમ્પલ પંડ્યા પોતાના પરિવાર સાથે દુરદર્શન પર આવી રહેલી રામાયણ અને મહાભારત જુએ છે.



૨૧ લોકડાઉન પર જયેશભાઈ ભાનુશાલીએ પ્રથમ વખત ડ્રોઈંગ કરીને જેમ ગુગલનું ડુડલ પ્રખ્યાત છે તેમ ડ્રોઈંગ દ્વારા વિવિધ દ્રશ્યો જોડીને ડુડલ બનાવ્યું હતું જેને સોશ્યલ મિડીયા પર તેમમના મિત્રોએ તેખૂબ બિરદાવ્યું હતું.

# લાયન્સ ક્લબ ઓફ બોમ્બે અપટાઉન દ્વારા રાજાવાડી હોસ્પિટલ ખાતે ૨૦૦થી વધુ લોકો માટે ભોજનની વ્યવસ્થા કરાઈ





કોરોના વાયરસ સામેની લડનમાં ૨૧ દિવસના લૉકડાઉન દરમ્યાન રાજાવાડી હોસ્પિટલ ખાતે અત્યંત મહત્વની વ્યવસ્થાઓની ગોઠવણ કરવામાં આવી છે. આવે વખતે અહીંના ડોક્ટર્સ, પેરા મેડિકલ સ્ટાફ તથા રાજાવાડી હોસ્પિટલમાં સિક્યુરિટી આપી રહેલ ગાર્ડસ સહિત ૨૦૦થી વધુ લોકો માટે લંચ તથા ડિનરની વ્યવસ્થા લાયન્સ ક્લબ ઓફ બોમ્બે અપટાઉન દ્વારા પ્રેસિડન્ટ લાયન ભરત મહેતા, સેક્રેટરી નિરવ ઠાકર, પ્રોજેક્ટ ઈન્ચાર્જ લાયન ધર્મીન શાહ દ્વારા અતુલભાઈ ભાયાણીની સપોર્ટથી કરવામાં આવેલ. રાજાવાડી હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. વિદ્યા ઠાકુર પણ આ વિશેષ કાર્ય દરમ્યાન ઉપસ્થિત રહેલ.



લાયન્સ ક્લબ ઓફ વાશી, સિનીયર સિટીઝન્સ ફોરમ ઘાટકોપર, લાયન્સ ક્લબ ઓફ બોમ્બે સાયન્સ સીટી વગેરે ક્લબ અને સંસ્થાને પણ આ ફુડ સપ્લાય અને વિશેષ ડ્રાઈવમાં આમંત્રણ અપાયેલ.


ઈના શાહ 9322422861

દિપક શાહ 9320422861 9082074449

**જૈન કેટરર્સ**

ફક્ત જૈનો માટે

આ સાથે આપને ત્યા આવતા સારા માઠા પ્રસંગો તથા વાર તહેવારે ૫ થી ૨૦૦ વ્યક્તી ની જમવાની (કેટરીંગ) તથા યાત્રા પ્રવાસ માટે પાર્સલની વ્યવસ્થા કરી આપશું


## શ્રી વર્ધમાન સ્થાનક જૈન સંઘ હિંગવાલા ઉપાશ્રયથી ૧૨૦૦ સાત્વિક ફુડ પેકેટનું વિતરણ

ગોંડલ સંપ્રદાયના રાષ્ટ્રસંત પ.પૂ.નમ્રમુનિ મ.સા.ની કૃપા તથા ક્રાંતિકારી સંત પારસમુનિ મ.સા.ના ઉપદેશથી ઉપરોક્ત સંઘમાં પૂ.નમ્રમુનિ મ.સા.ના એક ભક્ત પરિવાર તરફથી દરરોજ ૧૨૦૦ જેટલા સાત્વિક ભોજનના ફુડ પેકેટ મનપા, પોલીસ તથા અન્ય જરૂરિયાતમંદોને વિતરીત કરવામાં આવે છે.

## ઘાટકોપર સહિત અન્ય ૨૦૧ સ્થળોએ ૩ મહિના સુધી ફક્ત રૂ. ૫માં શિવભોજન શરૂ

કોરોનાના સંકટને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારના મુખ્યમંત્રી કાર્યાલયે આગામી ત્રણ મહિના માટે ફક્ત પાંચ રૂપિયામાં ૨૦૧ સ્થળોએ શિવભોજનની વ્યવસ્થા કરવામાં આવશે ચેમ્બુર ખાતે વડાલા નવજીવન રેસ્ટોરન્ટ દ્વારા સમ્રાટ અશોકનગર, આર.સી.માર્ગ ખાતે વ્યવસ્થા કરાઈ છે.


સુવર્ણ તક સુવર્ણ તક

માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂ.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી

માસિક રૂ.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક

નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો

MEHTA ENTERPRISES

10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.

9967421409 / 8291440870 / 7623901554



**ઘરે બેઠા મેળવો**

**વોઈસ ઓફ ઘાટકોપર**

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

ઘાટકોપરથી દર શુક્રવારે પ્રકાશિત વોઈસ ઓફ ઘાટકોપર મેળવવા માટે આપના ઘરે/ઓફિસે/દુકાને ન્યુઝપેપર નાખતા ન્યુઝપેપરવાળા / વેન્ડરને આપને પેપર આપવા જણાવો

અથવા નીચે આપેલ લવાજમ ફોર્મ ભરી અમને મોકલો

નામ : ____________

એડ્રેસ : ____________

વોટ્સએપ નંબર : ____________

**એક વર્ષનું લવાજમ ફક્ત રૂા.૧૯૯**

*T&C apply

રૂા.૧૯૯નું લવાજમ ભરો અને મેળવો રૂા.૪૦૦થી વધુનો ફાયદો

R-Steam Hot Since 1980

લવાજમ લેનાર દરેકને ઓડીયન ઘાટકોપ(ઈ)માં આવેલ રેસ્ટોરન્ટ આર સ્ટીમ હોટ નું રૂા.૪૦૦ નું ગીફ્ટ વાઉચર.

લવાજમનો ચેક "Ghatkopar Times Publication Centre" લખવાનો રહેશે

આપ 9022279684 નંબર પર ફોર્મ વોટ્સએપ કરી લવાજમ ફી Paytm કરી શકો છો

એડ્રેસ : એ-૧, બેઝમેન્ટ, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

www.vognewslive.com ☎ : 022-40229684 /vognewslive



ONE STOP FOR MEDIA ADVERTISING

GTPC THE CREATIVE MEDIA HOUSE

Do you have regular Design Needs?? Looking to out source your design? We are happy to announce that now Voice of Ghatkopar has an in-house team of design/content experts to provide a one stop solution to help you to maximize visibility of your advertisement.

GRAPHIC DESIGING SERVICES

- Logo Designing
- Business Cards
- Letterheads
- Posters/Flyers
- Brochures
- Banners/Roll up
- Social Media Post
- Desk Calendars
- Standees
- Newspaper Ads

Contact Us:

Jatin Kothari : 9869038095 • Divya Rajdev: 9819817833

A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(E).

# ચૈત્રી માસની આયંબીલ ઓળીની આરાધનાનો પ્રારંભ

## ઘાટકોપર સહિત સમગ્ર ભારતમાં કોરોના વાયરસના કારણે જૈનોના ચારેય ફીરકાઓના ભાવિકોએ ઘેર રહીને કરી આયંબીલ : મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી રદ : જિનાલયો, ઉપાશ્રયો બંધ

### કર્મ અને કોરોના બંનેને માત આપવા ૨૧ દિવસના લોકડાઉનમાં પણ ઘરે રહીને આયંબિલની તપશ્ચર્યા કરી રહેલ તપસ્વીઓની અનુમોદનાર્થે વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા અહીં તેમની તસ્વીરો પ્રકાશિત કરવામાં આવી છે

ઘાટકોપર સહિત સમગ્ર ભારતમાં ઘણા વર્ષો બાદ એવી ઘટના બની હશે કે ચૈત્રી માસ આયંબિલ ઓળી પ્રશંગે ભાવિકો-તપસ્વીઓ આયંબિલ તપની આરાધના આયંબિલ શાળામાં, ઉપાશ્રય, દેરાસરમાં ન કરતા ઘરે બેસીને આરાધના કરશે. ઘાટકોપરમાં વિવિધ સંઘો બદ્ધારા શાતા પહોંચે તે માટે તેમને જરૂરી તમામ દિવસની સામગ્રી ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. નવરોજી લેન દેરાસરના કાર્યકરોમદ્ધારયા પ્રથમ દિવસે સો થી વધુ આયંબિલ તપના તપસ્વીઓને આયંબિલની વાનગીઓ ઘરે પહોંચાડી હતી. વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા આ તપસ્વીઓની અનુમોદના અર્થે તેમની તસ્વીરો અહીં પ્રકાશિત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે જ્યાં ધર્મ પ્રત્યેની કટ્ટરતા ન છોડતા સંપ્રદાયો ધાર્મિક સ્થળો પર આજે પણ જઈ કોરોના




ફેલાવવાનું દુઃસાહસ કરે છે ત્યારે સમગ્ર વિશ્વના જૈનો કર્મોની નિર્જરા અર્થે અને લોકશાંતિ તેમજ નિરોગી વિશ્વ માટે ઘરે બેસીને તેમજ સરકારની આજ્ઞાને શિરોમાન્ય માની દેરાસરો અને ઉપાશ્રયોમાં જવાનું ટાળી મહામુલા અવસરની ઉજવણી કરી રહ્યા છે.

સમસ્ત સ્થાનકવાસી જૈન સમાજમાં તા.૩૦મીના સોમવારથી તથા મૂર્તિપૂજક જૈનોમાં તા.૩૧મીના મંગળવારથી ચૈત્ર માસની શાશ્વતી આયંબીલ ઓળીની આરાધનાનો પ્રારંભ થયો. આ વખતે વૈશ્વીક મહામારીના કારણે, જૈનોના ચારેય ફીરકાઓના ઉપાશ્રયોમાં આયંબીલ, વ્યાખ્યાન તેમજ વિધિ વગેરે બંધ રખાયા છે.

આયંબીલ એટલે આહારથી અનાહાર તરફ લઈ જતી અનન્ય આરાધના આયંબીલએ જૈન ધર્મની અનંતા અંતરાય કર્મોને ક્ષય કરાવતી શ્રેષ્ઠ સાધના છે. જૈનો તેમજ અજૈનો પણ શ્રદ્ધાથી આ સાધનાનો લાભ લે છે. નવ દિવસની આ આરાધનાને આયંબીલની ઓળી કહેવાય છે. ધર્મ અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ શ્રેષ્ઠ સાધના છે.


Alpa Pankaj Vora


Alpa Paresh Karamshi Gada


Amit Shiyal


Arvindbhai Shah - Ilaben Shah


Avani Ketan Bhansali


Bhumi Shiyal


Binduben  Mehta


Chandan Ramesh Dedhia


Chhotalal Jesang Chheda


Chintan Sheth


Gunvantiben Patani


Heena Hansraj Karani


Jayshreeben Gohil


Kashmira Anil Shiyal


Krupa B Shah

# ચૈત્રી માસની આયંબીલ ઓળીની આરાધનાનો પ્રારંભ

## ઘાટકોપર સહિત સમગ્ર ભારતમાં કોરોના વાયરસના કારણે જૈનોના ચારેય ફીરકાઓના ભાવિકોએ ઘેર રહીને કરી આયંબીલ : મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી રદ : જિનાલયો, ઉપાશ્રયો બંધ

આયંબીલ અનાદિકાળથી પડેલા આહારના સંસ્કાર પર વિજય મેળવવાની પ્રક્રિયા છે. સૃષ્ટિના દરેક જીવનો મોટાભાગનો સમય આહાર શોધવામાં, આહાર માટેના પુરૂષાર્થનાં અને આહાર ગ્રહ કરવામાં જ જાય છે. આહાર સંજ્ઞા પર જે વિજય મેળવી શકે છે તે એકને એક દિવસ અનાહારક પદને અર્થાત મોક્ષને પામે છે.

આયંબીલએ મન અને સ્વાદને જીતવાની આરાધના છે. સાધનામાં સહાયક શરીરના પોષણ માટે આહાર જરૂરી છે પણ સ્વાદ જરૂરી નથી. સ્વાદ અને મનના કારણે જે અવશ્યક ભોગવવા પડે એવા નિકાચિત કર્મો બંધાય છે. જેને આ ભવે જીભના સ્વાદમાં મજા નહિ એને આવતા ભવમાં સજા નહિ એટલે જીભના સ્વાદને મન સુધી પહોંચવા ન દે તે આયંબીલની આરાધના છે.

નવ દિવસની આયંબીલ ઓળીમાં નવપદની આરાધના શ્રદ્ધા સાથે કરવાથી અનેરી સિધ્ધિ પ્રાપ્ત થાય છે. બ્રાહ્ય ક્રિયા સાથે આંતિરક આરાધના અને જ્ઞાન ઉપાસના આત્મશક્તિને ખીલવે છે. અને સકળ કાર્યને સિધ્ધ કરે છે, વ્ય સાધના સાથે ભાવ સાધનાનું બેલેન્સ મોક્ષની યાત્રાને સફળ બનાવે છે.



Kalp - Pankti - Pinang - Trupti Jagdish Chheda Family

**નવપદ**

નવપદ એટલે નમો અરીહંતાણં, નમો સિધ્ધાણં, નમો આયિરયાણં, નમો ઉવજઝાયાણં, નમો લોએ સવ્વ સાહુણં, નમો દંસણસ્સ, નમો નાણસ્સ, નમો ચરિતસ્સ તથા નમો તવસ્સ આ નવપદનું સ્મરણ, માળા, જાપ, સાધના દ્વારા આરાધનાને ઉત્કૃષ્ટ બનાવાય, આત્માને શુધ્ધ વિશુધ્ધ બનાવાય.

આયંબીલની ઓળી વર્ષમાં બે વાર આવે છે એક ચૈત્ર મહિનામાં જે શિયાળાનો અંત અને ઉનાળાની શરૂઆતનો મહિનો છે, ચૈત્ર સુદ સાતમથી ચૈત્ર સુદ પુનમ બીજી આસો મહિનામાં, જે ચોમાસાનો અંત અને શિયાળાની શરૂઆતનો મહિનો છે. આસો સુદ સાતમથી આસો સુદ પુનમ સુધી.

તીર્થંકર પરમાત્માએ એમની પ્રજ્ઞામાં જોયુ કે આ બે મહિના ત્રઋતુઓની સંધિકાળના મહિના હોવાના કારણે વાત, પિત અને કફનો પ્રકોપ શરીરને અસ્વસ્થ કરે છે. માટે પરમાત્માએ આયંબીલની પ્રેરણા કરી આ દિવસોમાં જે આયંબીલની આરાધના કરે છે તે આખુ વર્ષ સ્વસ્થ અને નિરોગી રહે છે.

આ વખતે ઘાટકોપર સહિત સર્વત્ર આયંબીલ ઓળીની આરાધના કોરોના વાયરસના કારણે ધર્મ સ્થાનકોમાં થનાર

**અનુસંધાન ૧૪મા પાને**



Siddhi Hitesh Parekh



Varsha M Doshi



Geeta Atul Shah



Pravar, Chhaya & Bhavya Koticha



Parita Shah



Pratibha Shah



Reetaben Rajendrabhai Shah



Parag Doshi, Khushi Doshi



Shaurya Amit Shiyal



Krupa Bhavesh Shah



Meena Vora



Meenaben Desai



Nimesh Shah



Shardaben Mehta



Smita chhadwa

# હાથ ધોઈને પાછળ પડશું... કોરોનાને ભગાડશું...

**વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા કોરોના વિરુદ્ધની લડાઈમાં કોરોનાના વિષાણુંનું સંક્રમણ ન થાય અને તેના બચાવ માટે હાથ ધોવાનું કેટલું મહત્વ છે તે સમજાવવા માટે વાચકો પાસે તેઓ હાથ ધોઈ રહ્યા હોય તેવા ફોટો મંગાવવામાં આવ્યા હતા જેનો શ્રેષ્ઠ પ્રતિસાદ વાચકોએ આપ્યો હતો.**


Aarya Shah


Archana Thakkar


Architect. Hetal Karani Savla


Bharti C Padharia


Chandrakant v padharia


Daksh kalpesh savla


Dev Mehul Jani



hesha joshi


jayesh k mehta


JAYSHREE NISHITH GOLWALA


Jigna r waghela



Krish Chirag Mehta



**આવતા અંકમાં પણ ફોટો પ્રકાશિત કરવામાં આવશે. આપ હાથ ધોઈ રહ્યા હો તેવો ફોટો ૮૬૫૫૧૮૫૬૬૭ નંબર પર વોટ્સ એપ કરો.**

# હાથ ધોઈને પાછળ પડશું... કોરોનાને ભગાડશું...

**વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા કોરોના વિરુદ્ધની લડાઈમાં કોરોનાના વિષાણુંનું સંક્રમણ ન થાય અને તેના બચાવ માટે હાથ ધોવાનું કેટલું મહત્વ છે તે સમજાવવા માટે વાચકો પાસે તેઓ હાથ ધોઈ રહ્યા હોય તેવા ફોટો મંગાવવામાં આવ્યા હતા જેનો શ્રેષ્ઠ પ્રતિસાદ વાચકોએ આપ્યો હતો.**


Megh Mitesh Patel


saniksh juthani


Rasesh juthani


Vandana wadhawan


Vansh Sameer Maniar


Jagruti Adhyaru



Crystal midtown building no 1,






**આવતા અંકમાં પણ ફોટો પ્રકાશિત કરવામાં આવશે. આપ હાથ ધોઈ રહ્યા હો તેવો ફોટો ૮૬૫૫૧૮૫૬૬૭ નંબર પર વોટ્સ એપ કરો.**




## જ્યોતિષ - પ્રકાશ જોષી

મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧

Email : prakasjoshi@gmail.com


**મેષ (અ,લ,ઈ) :** રોજિંદી જીવનથી અળગા થઈ કંઈક અલગ જ કરવાનું મન થશે. એકાંતને માણવાનો અને મનગમતા વિષયોને હાથમાં લેવા માટે આ સમય ઉપયોગી થશે એમ દેખાય છે. છતાંય અંગત સમસ્યાઓ અને ભાવિ સંભાવનાઓ વિશે તમે ચિંતિત થઈ જશો એવા યોગ છે. તમે હંમેશા મૂલ્યનિષ્ઠ અને પ્રામાણિકતાપૂર્ણ જીવન જીવ્યું હોવાથી હાલ તમારે અન્યો કરતાં કંઈક અલગ અને સારુ કરી બતાવવું પડશે. તમે જવાબદારીપૂર્વક વર્તી રહ્યા છો અને નાની-નાની બાબતોનું ધ્યાન રાખી બીજાઓની સેવા કરવા તત્પર બની રહ્યા છો એમ ગ્રહયોગો સૂચવે છે. ખાવા-પીવામાં વિશેષ કાળજી લેવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** પરિવારજનો માટે વધુ મહેનત કરી રહ્યા હોવાથી તમને થાક લાગી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :** તમે જરૂરિયાતમંદો અને આસપાસના લોકો માટે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ બની જશો અને તેમને તેમના સંજોગોમાંથી યોગ્ય માર્ગ કાઢવામાં મદદરૂપ થશો એમ દેખાય છે. ભલે ગમે એ કારણ હોય, તમે જીવનને માણવાનો કોઈ ચાન્સ જવા નહી દો એવા યોગ છે. તમે પોતાના વાકચાતુર્યથી, પોતાની અમુક આવડતથી અનેક લોકોના દિલ જીતી લેશો એ નક્કી છે. તમારે જીવનસાથી પર વર્ચસ્વ જમાવવાને બદલે મોકળુ મન રાખવું અને તેમનું કહ્યું થવા દેવુ એવી મારી સલાહ છે. સારા પુસ્તકો વાંચવા, સારી મનોરંજક ફિલ્મો જોવા માટે અને પરિવારજનો સાથે મેળાવડો કરવા યોગ્ય સમય છે. **સ્ત્રીવર્ગ માટે :** સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા ખાવા-પીવા પર સંયમ રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :** તમે પોતાનું કામ વ્યવસ્થિત રીતે કરી જ રહ્યા છો છતાંય જો કોઈ તમને કામ ચીંધવાનો પ્રયાસ કરશે તો એ તમને નહીં ગમે. મનમાં અશાંતિ કે ઉશ્કેરાટ વધી શકે છે માટે હાલ કોઈની પણ સાથે ઉગ્રતાથી બોલવાનું કે વર્તવાનું ટાળવાની સલાહ છે. તમે કોઈક બાબતે વધુ પડતા લાગણીશીલ બની જશો અને તેની પીડા અનુભવશો એવા યોગ છે. મારૂ જો માનતા હો તો યોગા અને કસરત કરવાનું શરૂ કરો અને જેમાં શ્રધ્ધા હોય તે ઈશ્વરનું ધ્યાન ધરી મનની અસ્વસ્થતાને કંટ્રોલ કરો. ભવિષ્યમાં પ્રવાસ કરવા માટેનું પ્લાનિંગ શક્ય બને. **સ્ત્રીવર્ગ માટે :** જે લોકો તમારી અવગણના કરી રહ્યા હતા એમને હવે તમારું મહત્વ સમજાશે.

**કર્ક (ડ,હ) :** તમે સંપૂર્ણપણે તંદુરસ્ત ન હોવાથી તમને માનસિક તાણ સતાવે એવી શક્યતા છે. ગુસ્સા ઉપર કાબૂ રાખજો અન્યથા કોઈ અગત્યની પરિસ્થિતિમાં તમારી કમાન છટકી જશે એમ જણાય છે. હાલ કંઈક અણધાર્યું બનવાનો યોગ છે. એને લીધે તમે એવા એક વિષય પર વિચારવાનું શરૂ કરશો જેના પર તમે અગાઉ ક્યારેય ધ્યાન આપ્યું નહીં હોય. હાલ તમારા ખર્ચાઓ વધી શકે છે એની ચિંતા પણ તમને સતાવી શકે છે. સટ્ટાકિય વૃત્તિથી દૂર રહી લાંબા ગાળાના રોકાણ પર ધ્યાન આપવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારી સામે પેચીદા સંજોગો ઊભા થશે તો પણ તમે સ્વયંસ્ફૂરણાની મદદથી એમાંથી માર્ગ કાઢશો. સંતાનોની ચિંતા રહે.

**સિંહ (મ,ટ) :** તમારે જિંદગીને ભરપૂર પ્રેમ કરવાનો યોગ છે. પ્રિયજનની સાથે સરસમજાનો સમય ગાળવાનો અને તેમને મનાવી લેવાનો યોગ છે. તમારું મોહક અને આકર્ષક વ્યક્તિત્વ જોઈને તમારા પ્રિયજન પ્રભાવિત થઈ જશે અને સંપૂર્ણપણે તમારા વશમાં આવી જશે. પ્રેમની અને સંવેદનાઓની ઊત્કટતા વધશે અને તમે જીવનસાથીની વધુ નજીક આવી જશો એમ દેખાય છે. અમૂક ચીજવસ્તુઓ પાછળ ખર્ચ વધી જશે. નોકરી કરનારાઓની મૂંઝવણ વધી શકે છે અને અમૂક સમય મર્યાદાની અંદર કામ પૂરુ કરવાનું દબાણ આવી શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** ઘર કામનો બોજ વધશે અને સાથે-સાથે આરોગ્યની પણ કાળજી લેવી પડશે.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારી વિવેકબુધ્ધિ અને પરિપક્વતાને લીધે તમારી સામાજિક પ્રતિષ્ઠા વધશે. તમે વાક્ચાતુર્ય ધરાવતા હોવાથી પોતાના વિચારો સ્પષ્ટતાપૂર્વક વ્યક્ત કરી શકશો એમ જણાય છે. તમને સ્વજનોના રક્ષણની કાળજી હોવાથી તમે એમની સાથે ને સાથે જ રહેવાનો આગ્રહ રાખશો. જો કે એને લીધે તેમને બંદી બની ગયા જેવું લાગશે. તમારી નિકટની કોઈ વ્યક્તિને મદદની જરૂર હોય તો તમે તાબડતોબ દોડી જશો એવા યોગ છે. તમારામાના અમૂક લોકો આધ્યાત્મિક બાબતોમાં ગૂંથાયેલા રહેશે ને અન્યોને પણ એમ કરવાની સલાહ આપશે. **સ્ત્રીવર્ગ માટે :** ભવિષ્યમાં આર્થિક બાબતે કોઈ મૂંઝવણ ઊભી ન થાય તે માટે યોગ્ય પ્લાનિંગ કરી લેવાની સલાહ છે.

**તુલા (ર,ત) :** અન્યોના દોષ જોવાની વૃત્તિ ટાળવી. એનાથી લોકોને ચીડ હોય છે. તમારે અન્યોના સકારાત્મક પાસા પર લક્ષ કેન્દ્રિત કરવાની સલાહ છે. મનગમતા વિષયો, મનોરંજક પ્રવૃત્તિઓ અને અમૂક શોખના વિષયોને ન્યાય આપવા માટે આ સમયનો સદઉપયોગ કરો. વધુ પડતું આરામ કરવું ને આળસ કરવું યોગ્ય નથી. હાલ તમે હિંમતવાન અને દ્રઢનિશ્ચય બનીને ખાસ કરીને અંગત સ્તરે અધૂરા રહેલા તમામ કાર્યો પૂરા કરવા લાગશો એમ દેખાય છે. પડવા-વાગવા કે દાઝવાના યોગ છે માટે કોઈપણ કામમાં ઊતાવળ ન કરવી. **સ્ત્રીવર્ગ માટે :** ઘરની અંદર પરિવારજનો સાથે ગેટ-ટુગેધર થવાનો યોગ છે.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા પર ઘર કામનો અતિશય બોજ વધી શકે છે, પરંતુ એમાં પરિવારજનો પાસેથી સહકાર મળી રહેવાને લીધે તમારું કામ વધુ આસાન બની જશે. અંગત સંબંધોને મજબુત કરવા માટે અને સ્વજનોના હૃદયને જીતી લેવા માટે આ સમયનો ભરપૂર ઊપયોગ કરી લેવાની સલાહ છે. હાલ તમે પોતાના માટે ઊંચા લક્ષ્યો રાખશો અને દ્રઢનિશ્ચયથી બનશો તો સફળતાનો સ્વાદ ચાખી શકશો એ નક્કી છે. સંતાનોનું ભણતર બગડે નહી અને હાલના સમયનો સદઉપયોગ થાય તે માટે યોગ્ય પ્લાનિંગ કરી લેવું જરૂરી જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** ભવિષ્યમાં પરિવાર સાથે વેકેશન પર કે કોઈ યાત્રાએ જવાનું માનસિક આયોજન કરી શકશો.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** તમારે પોતાના મનની વાતો કોઈને કહેતા પહેલા માણસને પરખી લેવાની ખાસ સલાહ છે. લોકોના સ્વભાવની નાડ પારખવાની તમારી ક્ષમતા હાલ હાથવગી રહેશે અને તમે લોકોની ચાલબાજીને સહેલાઈથી સમજી શકશો એમ જણાય છે. તમારા જીવનમાં અડચણો ઊભા કરનારા અમૂક લોકોથી સાવધ રહેવાનો સમય છે. શક્ય હોય તો એવા લોકોથી સંપર્ક તોડી નાખવું યોગ્ય રહેશે. અમૂક સંજોગોને લીધે તમને નિરાશા વર્તાય કે આળસ આવે એવી પણ શક્યતા છે. કોઈપણ પ્રકારની સટ્ટાકિય પ્રવૃત્તિથી દૂર રહેજો. **સ્ત્રીવર્ગ માટે :** ઘણી બધી પ્રતિકૂળતાઓનો સામનો કરવાની માનસિક તૈયારી રાખવી પડશે.

**મકર (ખ,જ) :** તમારી વાકપટુતા અને સમયને સાંચવી લેવાની આવડતને લીધે આસપાસના લોકો તમારા વખાણ કરશે. તમારે એનાથી છકી જવું નહીં, નમ્ર બનીને રહેવું એવી મારી ખાસ સલાહ છે. કોઈ રચનાત્મક પ્રવૃત્તિ હાથમાં લેવા માટે કે કોઈ ખાસ શોખ પુરો કરવા માટે આ સમયનો ઊપયોગ કરો. કામકાજમાં કે નોકરીમાં અચાનક પ્રતિકુળ સંજોગોનો સામનો કરવો પડશે. ખર્ચાઓ વધી જવાથી પણ મનને અશાંતિ રહેશે. યોગ અને ધ્યાનની ક્રિયાથી સંતુલિત રહેવાનો પ્રયાસ કરજો. ખાવા-પીવામાં વિશેષ કાળજી રાખવાનો સમય છે. **સ્ત્રીવર્ગ માટે :** પ્રિયજનને રીઝવીને તેમની સાથે રોમેન્સની તક મળી રહેશે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** તમે ઘણા કલ્પનાશીલ અને સંવેદનશીલ બની રહ્યા છો એમ જણાય છે. તમારા જીવનમાં અમુક પારિવારિક પ્રશ્નો ઊભા થશે અને એને લીધે ચિંતા તથા પરેશાની વધશે. પરંતુ સાથોસાથ તમે દ્રઢ નિર્ધાર અને મક્કમતાના જોરે તમામ કાર્યો પાર પાડી શકશો એ નક્કી છે. હાલ સંબંધોની બાબતો કેન્દ્રસ્થાને રહેશે, કારણ કે તમે સ્વજનો પર ખાસ લક્ષ આપી રહ્યા છો એમ દેખાય છે. તમારે શેરબઝારથી સાત ગાઉ છેટું જ રહેવાની ખાસ સલાહ છે. નોકરી કરનારા મિત્રોએ કોઈ નવુ કાર્ય મળે તે માટે અત્યારથી જ પ્લાનિંગ કરી લેવું જરૂરી છે. **સ્ત્રીવર્ગ માટે :** આધ્યાત્મિક જ્ઞાન વધારવા માટે અને સાધના, ઊપાસના કરવા માટે યોગ્ય સમય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** હાલ ભલે તમે કોઈના વિશે અનુચિત શબ્દો નહી ઊચ્ચારો, પરંતુ તમારી બોલવાની રીતને લીધે કોઈકને માઠું લાગી શકે છે. તમારામાં ઘણી શક્તિ આવી જશે અને સામાન્ય રીતે અઘરાં લાગતા કામ તમે સહેલાઈથી પૂરા કરી દેશો એમ દેખાય છે. આ સમયમાં તમે પોતાના હિતને પ્રાથમિકતા આપશો તો લોકો તમને સ્વાર્થી કહેવા લાગશે. મારૂ જો માનતા હો તો તમારે કોઈને નુકશાન થાય એવું કંઈ કરવું નહી અને કોઈ શું કહે છે એના તરફ ધ્યાન આપવું નહીં. ખાવા-પીવામાં સાવધાની રાખી, તબિયતને સંભાળવા વિશેષ ધ્યાન આપો. **સ્ત્રીવર્ગ માટે :** થોડા સમય માટે તમારી નાણાકીય સ્થિતિ ચિંતાનો વિષય બની શકે છે.

## શબ્દોનું સ્પંદન



પ્રા. બિંદુ મહેતા

### તા. ૨૫ માર્ચ પૃથ્વી દિવસ નિમિત્તે

છેલ્લા ૫૦ વર્ષથી આપણે તા. ૨૫ માર્ચ પૃથ્વી દિવસ ઉજવીએ છીએ સમગ્ર બ્રહ્માંડમાં એક પૃથ્વી જ એવી છે. જ્યાં હવા પાણી વનસ્પતિને જીવ સૃષ્ટિ છે. સૂક્ષ્મથી સ્થુળ માનવ સુધીના જીવોને અનુકુળ વાતાવરણ છે તેથી ધરતી આપણી મોટામાં મોટો આધાર છે. તેના થકી આપણું જીવન છે તેથી આ દિવસ આપણા માટે મહત્વનો છે આપણે સવારે ઉઠતા જમીન પર પગ મુકતા આ શ્લોક જરૂર બોલવો જોઈએ સમુદ્રવસને દેવી પર્વતસ્તન મંડળે, વિષ્ણુ પત્ની નમસ્તુ જય પાદ સ્પર્શ ક્ષમસ્વ મે સમુદ્રરૂપી અને વિષ્ણું ભગવાનની પત્ની હે પૃથ્વી દેવી તમને નમસ્કાર કરુ છું મારા પગનો તમને સ્પર્શ થાય છે તે બદલ મને ક્ષમા કરો આજના વિષમ કાળમાં ધરતી માતા પોતાના સર્વ સંતાનોની બરાબર સંભાળ લે તેનું રક્ષણ કરે પૃથ્વીજ આપણી જનની જન્મભૂમિ છે તેને કોટી કોટી પ્રણામ.

# કોરોનાએ VIP કલચર્રને કહ્યુ હુ કેર્સ

માનવે પોતાના સ્વાર્થ અને બુદ્ધિના અહમને કારણે કુદરતને કર્યું હું કેર્સ અત્યારે કોરોના ટ્ઈડ સહિત બધા માનવને હું કેર્સ કરે છે છાપામાં દુનિયાના કયાં કયાં ટ્ઈડ ઓને કોરોનાએ ઝપટમાં લીધા છે તે આવ્યું હતું. અમુક અપવાદ બાદ કરતા માનવ સીવાયના જીવો પોતાની જાતના જીવોને રંજાડતા કે મારતા નથી ને પોતાના ખપ પુરતુ કુદરતમાંથી લે છે. માનવે પોતાની મરજી પ્રમાણે કુદરતમાંથી લે છે માનવે પોતાની મરજી પ્રમાણે કુદરતમાંથી ઉલેચ્યું છે અને સંગ્રહખોરીને વ્યય બન્ને કર્યા છે માનવોમાં ભિન્નતા વિવિધતા વિરોધાભાસ હોય પણ જ્ઞાતિ જાતિ ધર્મ ભાષ્યા પ્રાન્તમાં ત્રીપુરુષ અમીર ગરીબ શિક્ષિત અશિક્ષિત પદાધિકારીને સામાન્ય આવા અગણિત ભેદભાવો અને તેમાં પણ હુસાતુસી અન્યાય અપમાન અવગણના આ બધુ પ્રમાણથી વધી જાય ત્યારે કુદરત બાજી પોતાના હાથમાં લઈને અનેક જુદા જુદા કોપો દ્વારા કુદરતપર રાજ કરતા માનવને પાઠ ભણાવે છે કુદરતે કોરોના દ્વારા આ બધા ભેદ ભાવો મીટીવીને માનવને એક સ્તર પર એક સરખા ભયમાં મુકી દીધા છે માનવે પોતાની બુદ્ધિ શક્તિ સાથે ભગવાન તેમજ કુદરતના શરણાગતિ સ્વીકારવી જ રહી જે માનવની સર્વ જરૂરિયાત પુરી કરતી માઈબાપ છે જેના આશીર્વાદ માનવના ઉત્કર્ષને ભલા માટે ખૂબ જ જરૂરી છે તે સર્વસ્વ છે.

# વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684

/vognewslive

www.vognewslive.com

જાહેરખબરના દર

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

-: ઓફિસ :-

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪

voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

- સંચાલક

## આરોગ્ય

All domestic work servant available. All ayurveda punchakarma treatment : Smitha House Servant Agency : UG 310. Dreamsmall,Bhandup W **Contact : 2166 0419, 98467 46902.** (396)507

ALLSTAR Shipping Offers Packing and Shifting of House Hold Goods Anywhere In India & Abroad. **Contact : 9867572251.** (1717)529

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**

જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

## ધંધાદારી

**દેશ વિદેશ કુરિયર 24x7**

ડોક્યુમેન્ટ્સ, મેડિસીન, કુરિયર, ખાવાપીવાની ચીજ વસ્તુઓ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલીયા મોકલવા. **અનુજ સંગોઈ - ફોન : 8879991866.** પેક એન ડિલેવર. (1761)533

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૫ વર્ષથી ઓફિસ ઘર સામાન. **લલીતભાઈ ઠક્કર- 99209 55291, 98210 70320, 98215 43816.** (431)529

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

**ACE પેસ્ટીસાઈડ**

૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈંજેક્શનથી - ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

## રીઅલ એસ્ટેટ

**Tirupati Realtors**

Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

**શૈલેષ વોરા**

**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

## નોકરી સંબંધી

**OPPORTUNITY !!**

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9594594301.** (1748)532

## શૈક્ષણિક

**Intensive & Synthetic Phonics**

Introduction to Concept of Reading and Phonics, Sound, Blending, Tricky Words, Spelling Rules, Worksheets, Practicals, Essential Grammar, Spelling, Punctuation Skills. Comprehensive program with Material and Certificate. Call : **9833874424, 7304195472** (427)509

## મહિલા માટે

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (P)545

વોઈસ ઓફ ઘાટકોપરમાં સ્પેશીયલ ફીચર માટે સંપર્ક - સીંજલ કોઠારી 8655185667

મરણનોંધ માટે

સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫, ૯૦૨૨૨૭૯૬૮૪

## રીઅલ એસ્ટેટ

**GHATKOPAR**

FLATS - 1/2/3 BHK NEW / OLD. BLDG 80 LAC TO 2.80 CR. RENTAL 25K. TO 75K. COMMERCIAL - INDUSTRIAL - LAND. **NAVGRAHAA REALTY : 91522 47683 / 98214 25950.** (1762)534

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**

ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે

**ચિંતન દેસાઈ**

**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**

**9321234567**

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર**

ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા-વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.** (B)522

**નીલકંઠ બિઝનેસ પાર્ક**

વિદ્યાવિહાર વેસ્ટ ફર્નિશ્ડ લોફ્ટ ભાડેથી આપવાનો છે. **સંપર્ક : 9820023817.** (B)494

## ધંધાદારી

**OPPORTUNITY !!**

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9584578999.** (1887)495

## મહિલા માટે

**ઘેર બેઠા કરાવો**

બ્લીચ ફેશીયલ વેક્સ હેરસ્પા Rs.999 સાઈડર્સ, બેબીરાવર Rs.800 પ્રિવેડીંગ શુટ, ફેશન શુટ Rs.3000 . કાન કાણા પૂરાવો. **Cont.: 9867094908, 8169458427** (424)497

**WOMEN START EARNING**

10,000 - 30,000 PM, BECOMING COMMISSION PARTNER PROPERTY CHANNEL PARTNER FIRM. **91522 47683 / 98214 25950.** (1762)534

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree,** Matunga, King Circle **Ph.: 2404 3995.** (1812)539

**ઈમિટેશન જ્વેલરી**

સેટ લોંગ બુટ્ટી, બંગડી, કડા, બ્રેસલેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મળશે. સમય ૩ થી ૬. **બીના : 70218 46077.** (1781)536

**ભાડા પર કપડા**

ચણીયાચોલી, ગાઉન, ઈન્ડો વેસ્ટર્ન ભાડેથી મળશે. ભાડુ ૧૦૦૦થી ચાલુ, પૂજા જોડ, કપલ જોડ વેચાતી મળશે. **આરતી શેઠ: 9029678055.** (1781)536

## મહિલા માટે

**Hobby Course Discount**

શીખો મહેંદી, નેલઆર્ટ, નેલ એક્સટેન્શન, કેલીગ્રાફી, આણા ડેકોરેશન, ડેકોપેજ, રેશીન આર્ટ, કેન્ડલ, પેન્ટીંગ, નેમપ્લેટ, રેગ્યુલર ડિસ્કાઉન્ટ વર્કશોપ. **સંપર્ક: કાજલ - 98696 79871.** Instagram : hobbyartacademy-mehendi (1798)538

## ધંધાદારી

**શેરના કોઈપણ પ્રોબ્લમ** માટે Service આપીશું Iepf, Demat,Single Deceased, Probate, Succession, Duplicate, Transmission Ph. **2805 4730, 2805 5719, 2866 1092, 2865 5805/09, Mob.: 9619315362** (cq)506

**દરેક કંપનીના શેર**

**ખરીદશું** Physical/Demat/ Shares/Listed/Delisted Investment House Ph. **28054730, 28055719, 28661092, 28655805/09, Mob.: 9619315362** (cq)506

## મનોરંજન

**Jalsa Event**

Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

# ઘરે બનાવેલુ પ્યોર અથાણુ

ખાટી કેરી - ગુંદા, ગોળ કેરી, છુંદો રેડી તૈયાર કરીને મળશે

ચોખ્ખુ શુદ્ધ અથાણું, પ્યોર અને સીંગતેલમાં બનાવીને મળશે.

સંપર્ક : જીતેન્દ્ર કોઠારી - 9322863755

# વોઈસ ઓફ ઘાટકોપર

## ક્લાસિફાઈડ જાહેરાત (1 વર્ષ) સ્પેશિયલ ઓફર

| | | |
|---|---|---|
| 15 શબ્દના | ~~Rs.5200~~ | Rs.1500 |
| 16 શબ્દના | ~~Rs.5408~~ | Rs.1600 |
| 17 શબ્દના | ~~Rs.5616~~ | Rs.1700 |
| 18 શબ્દના | ~~Rs.5824~~ | Rs.1800 |
| 19 શબ્દના | ~~Rs.6032~~ | Rs.1900 |
| 20 શબ્દના | ~~Rs.6240~~ | Rs.2000 |

022-40229684 • 8655185667

*શરતો લાગુ +5% GST Applicable

# ચૈત્રી માસની આયંબીલ ઓળીની આરાધનાનો પ્રારંભ

૯મા પાનાથી ચાલુ

નથી. દરેક આરાધકોએ પોતાના ઘરમાં રહીને આયંબીલ કરવાના રહેશે.

આ વર્ષે આગામી તા. ૬ઠ્ઠી એપ્રિલના શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું જન્મ કલ્યાણક પણ જૈન સંઘો દ્વારા ઉજવાશે નહિ. જ્યાં મુળનાયકરૂપે શ્રી મહાવીર સ્વામી બિરાજમાન છે. ત્યાં આંગી રચાશે એટલું જ નહી અન્ય જિનાલયોમાં પરમાત્માની અંગ રચના થશે પરંતુ ભક્તો તેના દર્શન કરી શકશે નહિ. આ વખતે શોભાયાત્રા, ભક્તિ સંગીત સહિતના અન્ય કાર્યક્રમો વર્તમાન પરિસ્થિતિને લઈને રદ કરાયા છે.

**આયંબિલની ઓળી ક્યારે આવે?**

આયંબિલની ઓળી વર્ષમાં બે વાર આવે છે. એક ચૈત્ર મહિનામાં જે શિયાળાનો અંત અને ઉનાળાની શરૂઆતનો મહિનો છે ચૈત્ર સુદ સાતમથી ચૈત્ર સુદ પૂનમ. બીજી આસો મહિનામાં જે ચોમાસાનો અંત અને શિયાળાની શરૂઆતનો મહિનો છે આસો સુદ સાતમથી આસો સુદ પૂનમ.

**શા માટે ચૈત્ર અને આસો મહિનામાં જ?**

કેમકે તીર્થંકર પરમાત્માએ એમની પ્રજ્ઞામાં જોયું કે, આ બે મહિના ઋતુઓની સંધિકાળના મહિના હોવાના કારણે વાત્ત, પિત્ત અને કફનો પ્રકોપ શરીરને અસ્વસ્થ કરે છે, માટે પરમાત્માએ આયંબિલની પ્રેરણા કરી. આ દિવસોમાં જે આયંબિલની આરાધના કરે છે તે આખું વર્ષ સ્વસ્થ અને નિરોગી રહે છે.

**આયંબિલ કોણ કરી શકે?**

આયંબિલ નાના, મોટા, જૈન-અજૈન બધા જ કરી શકે. આયંબિલ આ ચૈત્ર અને આસો મહિના સિવાય પણ આખા વર્ષમાં ગમે ત્યારે કરી શકાય. આયંબિલનો વર્ષીતપ અને સળંગ પણ કરી શકાય.

**આયંબિલ કેવી રીતે કરાય?**

આયંબિલમાં એક જ વાર, એક જ જગ્યાએ બેસીને ભોજન લેવાનું હોય.

એમાં વિગય રહિતનું એટલે તેલ, ઘી, દૂધ, દહીં, ગોળ અને સાકર વિનાનું, રસ અને સ્વાદ વિનાનું ભોજન લેવાનું હોય.

જેમ સર્પ એના બીલમાં સડસડાટ ચાલ્યો જાય એમ ખોરાક સ્વાદ માટે વાગોળ્યા વિના આપણા પેટમાં સડસડાટ ચાલ્યો જવો જોઈએ.

**આયંબિલમાં શું ખવાય?**

ઘઉં, ચોખા, બાજરી આદિ અનાજ તથા દરેક જાતના કઠોળ ખવાય.

બાફેલાં કઠોળ, સૂકી રોટલી, રોટલા અને ચણા મમરા ખવાય.

મસાલામાં હીંગ, મરી અને મિઠું ખાઈ શકાય છે.

ઘી, તેલ, મીઠાઈ, મસાલા, ફ્રૂટ, શાકભાજી, દહીં, છાશ, દૂધ, ડ્રાયફ્રૂટ્સ્ જેવા પદાર્થ, જેમાં જીભને સ્વાદ આવે તે ન ખવાય.

**દૈવીશક્તિથી પણ શક્તિશાળી?**

દેવો સર્જિત શ્રીકૃષ્ણની દ્વારકા નગરી પર જ્યારે દ્વૈપાલન ઋષિ કોપાયમાન થયાં અને એને બાળી નાખવા તૈયાર થયાં ત્યારે નેમનાથ પરમાત્માએ કહ્યું જ્યાં સુધી નગરીમાં એક પણ વ્યક્તિ આયંબિલ કરતી હશે ત્યાં સુધી દ્વારકાને કાંઈ જ નહીં થાય. શ્રીકૃષ્ણની વ્યવસ્થા પ્રમાણે વારાફરતી દરરોજ એક ઘરમાં આયંબિલ થતી. વર્ષો પસાર થઈ ગયાં. દ્વૈપાલનઋષિ દ્વારકાને કાંઈ જ ન કરી શક્યા! એક આયંબિલમાં આખી નગરીને બચાવવાની તાકાત હોય છે. કેમકે તપના આરાધકના વાઈબ્રેશન્સ એવા પાવરફુલ અને પ્રભાવશાળી હોય કે એના ઉપર કોઈ આક્રમણ ન કરી શકે, સૂક્ષ્મશક્તિ સામે સ્થૂળ-શક્તિ કાંઈ જ ન કરી શકે. દૈવીશક્તિ કરતાં પણ આરાધકની શક્તિ વધારે સમર્થ હોય. જૈનોની સાધનામાં અતુલ્યશક્તિ હોય છે.

નવ પદનું સ્મરણ, માળા, જાપ, સાધના દ્વારા આરાધનાને ઉત્કૃષ્ટ બનાવાય. આત્માને શુદ્ધ વિશુદ્ધ બનાવાય.

પ્રથમ પદ - નમો અરિહંતાણં ના સ્મરણ સાથે અરિહંત પરમાત્માને નમસ્કાર કરી ભાવવંદન સાથે પ્રાર્થના કરવાની કે ક્યારે અમે વિતરાગ દશાને પ્રગટ કરીએ રાગ - દ્વેષથી મુક્ત અરિહંતતાને પ્રાપ્ત કરીએ!

દ્વિતીય પદ - નમો સિધ્ધાણં અનંતા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી અંતરથી ભાવના ભાવવાની કે હે ભગવાન! મારે પણ તારા જેવું નિષ્પાપ જીવન જોઈએ છે. મોક્ષમાં જીવન નથી માટે કોઈનો જીવ લેવાની વાત નથી. મારે કાયાથી મુક્તિ જોઈએ છે!

તૃતીય પદ - નમો આયરિયાણં પદની આરાધના સાથે આચાર્યજીને વંદન નમસ્કાર કરીને ભાવના ભાવવાની કે હે ભગવાન! પ્રવૃત્તિઓ તો મેં અનંતા ભવમાં અનંતી વાર બદલી છે. આ ભવમાં ગુરુકૃપાએ વૃત્તિઓ બદલાવી શકું એવી કૃપા કરજો!

ચતુર્થ પદ - નમો ઉવજ્ઝાયાણં ના સ્મરણ સાથે ઉપાધ્યાયજીને નમસ્કાર કરીને ભાવના ભાવવાની કે અમારા પર એવી કૃપા અને કરુણા કરજો કે અમારી અંદરમાં રહેલું અનંત જ્ઞાન પ્રગટ થાય અને અમે પણ કેવળજ્ઞાન અને કેવળ દર્શનને પામીએ!

પંચમ પદ - નમો લોએ સવ્વ સાહૂણં લોકમાં બિરાજમાન સર્વ સાધુઓને અને એમના ગુણોને નમસ્કાર કરી પ્રાર્થના કરવાની કે હે ભગવાન! કોઈ પણ સાધુ-સાધ્વી પ્રત્યે અવિનય, અભક્તિ, અપરાધ કે અશાતના ન થાય એવી જાગૃતિ આપજો એવી સાવધાની રાખી શકું એવી કૃપા કરજો!

છઠ્ઠું પદ - નમો દંસણસ્સ દર્શન વિશુદ્ધિની ભાવના સાથે દર્શન ગુણને નમસ્કાર કરી પ્રાર્થના કરવાની કે હે પરમાત્મા! જેનું જેવું સ્વરૂપ છે તે સ્વરૂપને જાણી શકું એવી સમ્યક દૃષ્ટિ મારામાં પણ પ્રગટે!! આંખથી નહીં પણ આત્માથી દર્શન કરી શકું એવી દૃષ્ટિ મને પ્રાપ્ત થાઓ!

સાતમું પદ - નમો નાણસ્સ જ્ઞાન પ્રાગટ્યના ભાવો સાથે જ્ઞાન ગુણને વંદન નમસ્કાર કરીને પ્રાર્થના કરવાની કે હે પરમાત્મા! જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો પ્રત્યે અહોભાવ પ્રગટાવી, જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરવાનું સામર્થ્ય આપજો મારો પુરુષાર્થ પ્રબળ બને અને મારામાં રહેલું અનંત જ્ઞાન પ્રગટ થાઓ!

આઠમું પદ - નમો ચરિતસ્સ ચારિત્ર મોહનીય કર્મોના ક્ષયની ભાવના સાથે ચારિત્ર ધર્મને વંદન કરી દરરોજ એકવાર તો સ્મરણ કરવું કે હે પ્રભુ! મારે તારો વેશ એકવાર પહેરવો છે! મારા અંત સમય પહેલાં મારા અંતરમાં દીક્ષાના ભાવ પ્રગટે સંયમ લેવાના ભાવ પ્રગટે એવી કૃપા કરજો એવી કૃપા કરજો!

નવમું પદ - નમો તવસ્સ અવગુણ શુદ્ધિ અને આત્મશુદ્ધિના ભાવો સાથે તપ નામના ગુણને વંદન-નમસ્કાર કરી પ્રાર્થના કરવાની કે હે ભગવાન! તપ દ્વારા મારે માત્ર કર્મોને જ નહીં, કર્મોના કારણને જ ખપાવવા છે, જેથી ફરી કર્મબંધ થાય જ નહીં. હે ભગવાન! તપ દ્વારા મારે ત્યાગ નથી કરવો, પણ અનાસક્ત ભાવ કેળવી વૈરાગ્યને પ્રાપ્ત કરવો છે. હે ભગવાન મને એવી શક્તિ આપ.

(જિનઆજ્ઞા વિરુધ્ધ કાંઇપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્)

**આયંબિલથી શું લાભ થાય?**

- આયંબિલમાં જો શ્રદ્ધા અને સમજ ભળે તો એ સમ્યક રૂપે પરિણમે છે.
- આયંબિલથી આત્મશક્તિ ખીલે છે.
- આયંબિલ અનંતા કર્મોનો ક્ષય કરે છે.
- આયંબિલથી મન પર જીત મેળવી શકાય છે.
- આયંબિલ વિઘ્નોને હરવાનો શ્રેષ્ઠ ઉપાય છે.
- આયંબિલથી ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ થાય છે.
- આયંબિલ નિકાચિત કર્મોને અટકાવે છે.
- આયંબિલ આહાર પ્રત્યેના આગ્રહનું મારણ છે.
- આયંબિલ આહાર પ્રત્યેની આસક્તિને તોડાવે છે.
- આયંબિલથી અનંતા જીવોને અભયદાન આપી શકાય છે.
- આયંબિલથી અનાદિ અનંતકાળની અંતરાયો દૂર થાય છે.
- આયંબિલ અનાસક્તિથી અરિહંત સુધી લઈ જતી આરાધના છે.
- આયંબિલ બ્રહ્મચર્યમાં સહાયક બને છે. કેમકે વિગય એ વિકારનું કારણ છે, જ્યારે આયંબિલ વિકારનું મારણ છે.
- આયંબિલમાં સાકર અને તેલ-ઘી રહિતનો આહાર વાપરવાનો હોવાથી લીવરને થોડું રિલેક્સેશન મળે છે, અને ઓછું વર્ક કરવું પડે છે.
- મેટાબોલીઝમ પ્રોસેસ ધીમી થવાથી લીવર આદિ ઓરગન્સને સક્ષમ બનવા માટેનો સમય મળી રહે છે.
- લીવરને લગતાં ઘણા બધાં પ્રોબ્લેમ્સ સોલ્વ થઈ જાય છે.
- શરીર સ્વાસ્થ્યઃ આયંબિલ કરવાથી લોહી શુદ્ધ થાય છે.
- ડાયજેસ્ટિવ સિસ્ટમ પ્રોપર રહે છે.
- રેઝીસ્ટન્સ પાવર વધે છે.
- શરીરને ડિટોક્સિફાય કરે છે.
- શ્રદ્ધાથી આયંબિલ કરનારના ચામડીના કોઢ જેવા રોગો પણ દૂર થઈ શકે છે.
- ઑઈલ અને સુગર વિના પણ શરીરને પૂરતું પોષણ મળી રહે છે.
- માનસિક તથ્યઃ સ્વાદ ગ્રંથીને કંટ્રોલ કરે છે.
- મનની ચંચળતા શાંત થાય છે, તેથી આવેગ, ઉદ્વેગ અને આક્રોશ પણ ઘટે છે.
- મનને રિલેક્સ કરે છે. સ્ટ્રેસ લેવલ ઘટે છે, જેથી બ્લડપ્રેશર અને હાર્ટએટેકના ચાન્સિસ ઘટી જાય છે, શરીર અને મન બંને સ્વસ્થ રહે છે, પ્રસન્ન રહે છે, જે સાધનામાં સહાયક બને છે.
- આયંબિલમાં નવ દિવસ નવ પદની આરાધનામાં શ્રદ્ધા સાથે ભાવ સાધના કરનારને અનેરી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. બાહ્ય ક્રિયા સાથે આંતરિક આરાધના અને જ્ઞાન ઉપાસના આત્મશક્તિને ખીલવે છે અને સકળ કાર્યને સિદ્ધ કરે છે. દ્રવ્ય સાધના સાથે ભાવ સાધનાનું બેલેન્સ મોક્ષની યાત્રાને સફળ બનાવે છે. આયંબિલની ઓળી નવ પદની આરાધના

**કર્મ અને કોરોના બંનેને માત આપવા ૨૧ દિવસના લોકડાઉનમાં પણ ઘરે રહીને આયંબિલની તપશ્ચર્યા કરી રહેલ તપસ્વીઓની અનુમોદનાર્થે વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા અહીં તેમની તસ્વીરો પ્રકાશિત કરવામાં આવી છે - (તસ્વીરો માટે જુઓ પાના નં.૮-૯)**

# ચેતજો... દરવાજાના હેન્ડલ, મોબાઈલ અને લેપટોપથી પણ ફેલાય છે કોરોના

દુનિયાભરમાં ફેલાયેલા કોરોના વાયરસ અંગે યોગ્ય માહિતી ન હોવાના કારણે લોકોના મનમાં ડર છે. સાથે જ લોકો એવી સતર્કતા વર્તી રહ્યા છે જે કદાચ એટલી જરૂરી નથી. જેવી કે, શરદી ખાંસી વગર પણ એન-૯૫ માસ્ક લગાવીને ફરી રહ્યા છે. શરદી થાય તો પણ તેમને કોરોનાનું જોખમ લાગે છે. લોકોના મનમાં ઉઠી રહેલા આવા જ સવાલોના જવાબ માટે અમે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા ભોપાલના ડાયરેક્ટર અને પ્રોફેસર સરમન સિંહ અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના વૈજ્ઞાનિક અને ગોરખપુર બ્રાન્ચના ડાયરેક્ટર રજનીકાંત સાથે વાત કરી હતી. પહેલા એમ્સ ડાયરેક્ટર ડૉ. સરમન સિંહ સાથે સવાલ-જવાબ કર્યા હતા. જેમાં હું જે કપડાં રોજ પહેરૂં છું, શું તેનાથી સંક્રમણ થઈ શકે છે? હા બિલકુલ થઈ શકે છે. તમે જે કપડાં પહેરી રહ્યા છો તેને તરત ઘરે આવીને સારી રીતે ધોવો. કારણ કે બહાર નીકળવા પર અમે ઘણા લોકો સાથે અથડાઈએ છીએ. એવામાં સંક્રમણ કોઈના પણ દ્વારા કપડા સુધી આવી શકે છે. કપડાં પર હાથ લગાવીને તમે મોંઢા-નાક સુધી લઈ જશો અને સંક્રમિત થઈ જશો. શું ચપ્પલ, ઘડીયાળથી પણ સંક્રમણ ફેલાઈ શકે છે? જુત્તા-ચપ્પલથી સંક્રમણ નથી ફેલાતું. ઘડીયાળ પહેરો છો તો તેને સેનાટાઈઝ કરતા રહો, કારણ કે ડ્રોપલેટ્સ દ્વારા ઘડીયાળ સુધી પણ સંક્રમણ આવી શકે છે. શું મોબાઈલ, કોમ્પ્યુટર, લેપટોપથી પણ સંક્રમણ ફેલાઈ શકે છે? બિલકુલ. આ તમામ ગેજેટ્સને સેનેટાઈઝ કરવા જરૂરી છે. કી-બોર્ડને સેનેટાઈઝ કરતા રહો. મોબાઈલની સ્ક્રીન પણ સેનેટાઈઝ કરો. જો કે આ ત્યારે જ થઈ શકે છે, જ્યારે કોઈ સંક્રમિત વ્યક્તિ તેમની આસપાસ રહે. સંક્રમણ જાતે પેદા નથી થતું. ક્યાંકને ક્યાંકથી ફેલાય છે. શું આ વાઈરસ હવામાં પણ રહે છે? બિલકુલ રહે છે. હવાથી ધીમે ધીમે સપાટી પર આવે છે. હવામાં ઘણી મિનિટો સુધી રહે છે. એટલા માટે બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી રહી છે. કોઈને સંક્રમણ ન હોય, તો તેનાથી દૂર રહેવું જરૂરી છે? દરેક વ્યક્તિ સાથે અંતર રાખવું જરૂરી છે. ઘરે હોવ તો પરિવારના લોકો સાથે ઓછામાં ઓછું ૧ મીટરનું અંતર રાખો. કોઈ પણ દ્વારા સંક્રમણ ફેલાઈ શકે છે. શું માસ્ક લગાવવું બધા માટે જરૂરી છે? ના બિલકુલ જરૂરી નથી. એન-૯૫ને બિલકુલ ન લગાવશો કારમ કે એ ડોક્ટર્સ અને નર્સ માટે છે. જો તમને શરદી ખાંસી થઈ રહી છે તો જરૂર માસ્ક લગાવો જેથી અન્ય લોકો સુધી સંક્રમણ પહોંચી ન શકે. તમે એવું માનીને જ આગળ ચાલો કે તમે સંક્રમિત છો. આવું કરવાથી તમે જાતે પુરે પુરી સાવચેતી રાખી શકશો. લોકો કોઈ પણ કારણ વગર પણ માસ્ક લગાવી રહ્યા છે. આનાથી માસ્કનું કાળું બજાર ઊભું થયું છે. શું ડોર નોબથી પણ આ વાયરસ આવી શકે છે? તેનું સંક્રમણ ડ્રોપલેટથી થાય છે. જો ડ્રોપલેટ હવામાં અથવા કોઈ સપાટી પર છે અને જો તમે એ સપાટી પર હાથ લગાવશો તો સંક્રમણનો શિકાર થઈ શકો છો. જો કે, જ્યારે તમે હાથને મોઢા-નાક પર લગાવશો, ત્યારે આ સંક્રમણ તમારી બોડીમાં અંદર પહોંચશે. એટલા માટે વારંવાર હાથ ધોવા અને હાથને ચહેરા પર ન લગાવવાની અપીલ કરવામાં આવી રહી છે. કોરોના વાયરસના સંકેત કેટલા દિવસોમાં જોવા મળે છે? સામાન્ય રીતે ૫ થી ૭ દિવસોમાં તેના સંકેત જોવા મળે છે. ઘણી વખત ૧૪ દિવસો સુધીનો પણ સમય લાગી જાય છે. આ જ કારણએ ૧૪ દિવસ ઓબ્જર્વેશન પીરિયડ રાખવામાં આવે છએ. કોઈ પણ સંક્રમિત વ્યક્તિના ૧ મીટરની આસપાસ સુધી તમે ગયા છો તો પણ તમને સંક્રમણ થવાની શક્યતા વધી જાય છે. વાયરસના ડ્રોપલેટ્સ ૧ મીટરના વિસ્તારમાં ફેલાય છે, એટલા માટે કહેવામાં આવે છે કે દરેકે ઓછામાં ઓછા ૧ મીટરનું અંતર જાળવવું જોઈએ. જો ઓફિસ અથવા ઘરમાં મારા સાથીને સંક્રમણ થયું છે તો શું કરવું જોઈએ? જો તમે તેના સંપર્કમાં આવ્યા છો તો તાત્કાલિક ક્વોરેન્ટાઈન થઈ જવું જોઈએ.



# ઘાટકોપરવાસીઓ લોકડાઉનનો ઉપયોગ કરો અને ફીટ રાઈઝર્સની ઓનલાઈન ફ્રી ૨૧ દિવસની લોકડાઉન ફિટનેસ ટ્રેનિંગમાં જોડાઓ

૨૧ દિવસમાં લોકડાઉનમાં ફિટનેસ ખુબ મહત્વની બાબત કહી શકાય. માનસિક અને શારીરિક ફિટનેસ જાળવવી ખૂબ જ આવશ્યક છે અને તો જ કોરોના સામે ઘરે રહીને લડવામાં સહાય મળશે. તેવું ધ્યાનમાં આવતા ઝુપના મયુરભાઈ છેડા જેઓ થોડા સમયથી ફિટનેસ ક્ષેત્રે પણ ખૂબ નામના મેળવી રહ્યા છે તેઓ અને તેમના પુત્રો હર્ષ અને હેત એ ફિટ રાઈઝર્સ તેમની ફિટનેસ બ્રાન્ડના માધ્યમે લોકોને લોકડાઉનમા ફિટનેસ ટ્રેનિંગ આપવાનું નક્કી કર્યું.

આમ તો ફિટ રાઈઝર્સના વિવિધ સ્થળોએ ૧૧ થી વધુ ફિટનેસ સેન્ટર્સ ચાલે છે. પણ લોકડાઉનમાં લોકો એકત્રિત થઈ શકે તેમ ન હોવાથી ઝુમ (ઓનલાઈન ગ્રુપ વિડીયો કોન્ફરન્સીંગ)ના માધ્યમે લોકોને ૨૧ દિવસ મફત ફિટનેસ ટ્રેનિંગ આપવાનું નક્કી કર્યુ અને દરરોજ સવારે ૭ થી ૮ વાગે ૪૦-૪૦ મિનીટના બેચીસ સ્ટાર્ટ કર્યા. આ ફ્રી ફિટનેસ ટ્રેનિંગમાં દરરોજ અનેક લોકો જોડાય છે. અમુક લોકોએ પોતાના પ્રતિભાવો પણ રજુ કર્યા હતા. જ્યોતી ઘોશ, સુનિતા દેઢિયા અને શ્રદ્ધા રમણએ હર્ષ અને હેતને સવારના સમયમાં કરાવાતા આ ફિટનેસ ટ્રેનિંગ સેશન માટે ખુબ બિરદાવ્યા હતા. શ્રદ્ધા રમણને ઘુંટણની તકલીફમાં રેગ્યુલર એક્સરસાઈઝથી ફાયદો પણ થયો હતો. ઘાટકોપરવાસીઓને ફિટ રાઈઝર્સ દ્વારા ૨૧ દિવસના લોકડાઉનમાં આ એક્ટીવિટી ખુબ ગમી હતી.




Jyoti Ghosh


Sharada Raman


Sunita Dedhia







આજનો સમય સાચવી લો, આવનારો સમય તમને સાચવશે

Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com** • **RNI : MAHGUJ/2008/28113**